
# કાવ્ય-વિવરણ
અને
# સંક્ષિપ્ત લેખન
નિબંધલેખન માટેની સૂચનાઓ સાથે)

જનોને પુષ્પોની પરિમલ થકી ઉર ઉઘડે!
રસે ભીંજાએલાં ઉરઝરણમાં અન્ય ભીંજવે!




લેખક :
વનવંત એમ. દેસાઈ
બી.એ., એસ.ટી.સી.બી.ટી.



પ્રસ્તાવના :
ર અનંતરાય મ. રાવળ
એમ.એ.
ગૂજરાત કૉલેજ, અમદાવાદ.



પ્રયોજક :
હિંમતલાલ યુ. દવે
ટ્રેન્ડ શિક્ષક (ફર્સ્ટ ક્લાસ)

ટ્રેનિંગ કૉલેજ અને વર્નાક્યુલર ફાઇનલના વિદ્યાર્થીઓ માટે

# કાવ્ય-વિવરણ

અને

# સંક્ષિપ્તલેખન

( નિબંધલેખનની સૂચનાઓ સાથે )


લેખક :

**ધનવંતરાય મ. દેસાઈ**

બી. એ., એસ. ટી. સી , બી. ટી.

પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ, **અમદાવાદ.**

પ્રયોજક :

**હિંમતલાલ ઉ. દવે**

શિક્ષક, મ્યુનિસિપલ શાળા, અમદાવાદ.

પ્રસ્તાવના :

પ્રોફેસર **અનંતરાય મ. રાવળ,** એમ. એ.

ગૂજરાત કૉલેજ, **અમદાવાદ.**



મૂલ્ય : **આઠ આના**

પ્રત ૫૦૦ ] [ પ્રથમાવૃત્તિ

સને ૧૯૪૩



પ્રકાશક :

હિંમતલાલ યુ. દવે
ઢાળની પોળમાં જગાભાઇનું ચોકઠું.
અ મ દા વા દ.

-: પુસ્તક પ્રાપ્તિ સ્થળ :-

હિંમતલાલ યુ. દવે
ઢાળની પોળમાં જગાભાઇનું ચોકઠું,
અ મ દા વા દ.

અને

ધનવંત મ. દેસાઈ
નાગરવાણિયા બિલ્ડીંગ, ખમાસા ગેટની પાસે,
અ મ દા વા દ.

# પ્રસ્તાવના

ટ્રેનિંગ કૉલેજો અને શાળાન્ત પરીક્ષાના ગૂજરાતીના અભ્યાસક્રમમાં કાવ્ય વિવરણ, સંક્ષિપ્ત લેખન અને નિબંધ-લેખનને સારું એવું સ્થાન હોય છે અને પ્રશ્નપત્રોમાં પણ તે પૂછાય છે. આમ છતાં એ વિષયો પરત્વે પરીક્ષ્ય વિદ્યાર્થી-ઓને મદદગાર થાય તેવાં માર્ગદર્શક પુસ્તકોની મોટી ખોટ છે. પાછળનાં પૃષ્ઠોમાં એ ખોટ પૂરવાનો અને એવું વિદ્યાર્થી-સહાયક વ્યવહારુ માર્ગદર્શન આપવાનો લેખકે પ્રયાસ કર્યો છે.

એ પ્રયાસ સારો થયો છે એવી આ પુસ્તિકા વાંચી ગયા બાદ મને ખાતરી થઇ છે. કાવ્ય વિવરણ, સંક્ષિપ્ત લેખન અને નિબંધ લેખન સંબંધે એ ત્રણેના સાચા સ્વ-રૂપનો તેમજ તેમાં પરીક્ષ્યો પાસે શી અપેક્ષાઓ રખાય તેનો ખ્યાલ આપી, લેખકે ત્યારપછી એ ત્રણે વિષયો પરત્વે માર્ગ-દર્શક ઉપયોગી સૂચનાઓ મુદ્દાસર અને સ્પષ્ટ ભાષામાં આપી છે, તેની પાછળ ડોકિયાં કરતી તેમની સાહિત્યસમજ તથા ભોમિયાદૃષ્ટિ મને ઊંચા પ્રકારની જણાઇ છે. સૂચનાઓ બાદ કાવ્યવિવરણ તથા સંક્ષિપ્ત લેખનના કેટલાક નમૂના આપ્યા છે તે, તથા તેને અંતે એ બંને વિષયની સ્વાયત્ત તાલીમ કે કસરતને માટે વિદ્યાર્થીઓને અભ્યાસ માટેના મુદ્દા સાથે સૂચવેલાં કાવ્યો તથા ગદ્યખંડો આ માર્ગદર્શિકાની ઉપયોગિતા વધારે તેવા છે.

પરિણામે, જેમની જરૂરતને લક્ષમાં લઇ આ પુસ્તિકા લખાઇ છે તેઓને એ ઉપયોગી થશે એમ માનું છું, અને તેથી એના ઉત્સાહી લેખકને પોતાની મહેનત સફળ થયાનો સંતોષ ઉપજે એ પ્રકારનો આવકાર તેમના તરફથી આ પુસ્તિકાને મળે એમ ઇચ્છું છું.

ગૂજરાત કૉલેજ–અમદાવાદ, ૧-૧૨-’૪૩. **અનંતરાય મ. રાવળ**

# પ્રથમ પાનું

**આ** નાનકડી પુસ્તિકા પ્રગટ કરવા પાછળ કૈંક હેતુ રહેલા છે. રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રજીવનના આટલા વ્યાપક અને પ્રબળ આંદોલનો ઉઠતાં છતાં ગૂજરાતને કમનસીબે તેની શાળાઓમાં ગૂજરાતી હજુ અળખામણો વિષય રહ્યો છે. શિક્ષકો, કેળવણીકારો અને પુસ્તક પ્રસિદ્ધ કરનારાઓ અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીની સગવડ માટે જેટલી શક્તિ અને સંપત્તિ ખરચી રહ્યા છે તેનો લેશભાગ પણ માતૃભાષાના વિદ્યાર્થીને ફાળે ધરતાં નથી. પ્રાથમિક શાળાનો ગૂજરાતીનો શિક્ષક ગૂજરાતના અદ્યતન સાહિત્યથી અપરિચિત જ રહ્યો છે એ જેટલું સાચું છે તેટલું દુઃખજનક અને શરમભરેલું છે. ગામડાંની પ્રાથમિક શાળાઓનો ગૂજરાતીનો શિક્ષક નૂતનયુગનો પ્રેરક સંદેશ ઝીલતા યુવાન કવિઓનાં નામ માત્રથી અજાણ્યો હોય છે, તો તેમની પાસેથી તેમનાં કાવ્યોના અભ્યાસની આશા કેવી રીતે રાખી શકાય ? આવા શિક્ષકોને યત્કિંચિત્ પણ મદદરૂપ અને માર્ગદર્શક થઇ પડે એટલા માટે નવા કવિઓ અને લેખકોની કૃતિઓજ અહીં ચૂંટીને મૂકી છે.

જે જે કવિઓ અને લેખકોની કૃતિઓ લીધી છે તે બધાનો સહૃદયથી આભાર માનું છું. આ વિષય પર લખાયેલાં કેટલાંક અંગ્રેજી પુસ્તકોના લેખકોનું ઋણ સ્વીકારું છું. પુસ્તિકા તૈયાર કરવાનું પ્રોત્સાહન આપનાર શ્રી. એચ પી. પરીખ બી.એસસી., બી.ટી અને પ્રૂફ સુધારવામાં મદદ કરવા માટે શ્રી. એસ. ટી. પટેલ, બી એ., બી. ટી, શ્રી. એમ. આઇ. મામલતદારના બી. એસસી., બી. ટી, અને જયંત આર. મહેતાનું ઋણ ન સ્વીકારું તો કૃતઘ્ની ગણાઉં. પ્રસ્તાવના માટે પ્રો. અનંતરાય રાવળ, એમ. એ નો જેટલો આભાર માનું તેટલો ઓછો.

પુસ્તિકા વિદ્યાર્થીઓને ગમશે ?

પ્રે. રા. ટ્રેનિંગ, કૉલેજ,
અમદાવાદ, તા ૧-૧૨-૪૩ } **ધનવંત મ. દેસાઈ.**

# કાવ્ય-વિવરણ—

કવિતા એ રાષ્ટ્ર અને સમાજનો અણમોલ ખજાનો છે તેનું ઉદ્ભવ સ્થાન છે હૃદય. શબ્દ એનો દેહ ઘડે છે; કલ્પના એના દેહને મઢે છે; ઊર્મિ એનો પ્રાણ પૂરે છે; સંગીત એને વ્યક્તિ અને સમાજના હૃદયમાં સ્થાન અપાવે છે. કવિના અંતઃક્ષોભથી જન્મેલું કાવ્યઝરણું કલ્પના સતેજ કરે છે, બુદ્ધિ નિર્મળ કરી દૃઢ કરે છે, લાગણી ઉન્નત બનાવે છે; શોખ કેળવે છે; સત્ય, સૌંદર્ય અને પવિત્રતા માટે પ્રેમ જાગ્રત કરે છે અને સૌથી ઉત્તમ પ્રકારનો આનંદ આપી જીવનને રસમય બનાવે છે. સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં કવિતાનો ફાળો અનન્ય છે.

કવિના વિચારો કલ્પના અને લાગણીઓ કવિની ભાષામાંથી વીણી લઈ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવાથી કાવ્ય-વિવરણ કરી શકાય. વિવરણ કરવા માટે કાવ્યના અંતર્ગત ભાવો સમજવા આવશ્યક છે. એ ભાવો સમજવા માટે કાવ્ય સાથે તન્મય થવાની જરૂર છે. સમભાવથી કવિનું દૃષ્ટિબિંદુ સમજ્યા સિવાય કાવ્યનો સાચો ભાવ કદી પકડાવાનો નથી. જે ભૂમિકા ઉપર ઊભા રહી કવિએ કાવ્ય રચ્યું તે ભૂમિકા સમજવા વિદ્યાર્થીએ પ્રથમ પ્રયાસ કરવો જોઈએ.

ઘણા માને છે કે કવિતાની ભાષામાં જરા ફેર કરી એની ગદ્યમાં રજૂઆત કરવાથી કાવ્યનું વિવરણ કર્યું કહેવાય. તેઓ લીટીએ લીટી લે છે, અને જેમ લુહાર વાંકા સળિયાને ટીપી ટીપી સીધો કરવા પ્રયત્ન કરે છે તેમ કાવ્યના શબ્દો

પર મનસ્વી પ્રહારો કરી, શબ્દો અને વાક્યરચના બળાત્કારથી બદલી ગમે તે રીતે ગદ્યનું સ્વરૂપ આપવા પ્રયત્ન કરે છે. આમ કરવાથી કવિના વિચારો અસ્તવ્યસ્ત થઇ અસ્પષ્ટ રહે છે; કલ્પનાના ચિત્રો ચૂંથાઇ જાય છે; લાગણીનું નિર્મળ ઝરણું ડહોળાઈ જાય છે. કાવ્ય-વિવરણ વિષે આવા ખ્યાલને લીધેજ પ્રોફેસર લૂરી કાવ્ય-વિવરણને કવિતાના આત્માને ગૂંગળાવી નાખનાર વિદ્યાર્થીઓની તિરસ્કૃત્ય કાળ રમત કહે છે; શાહી અને પેનનો રાક્ષસી અને અપવિત્ર ઉપયોગ ગણે છે.

## સૂચનાઓ:—

૧ કાવ્ય સમજ્યા સિવાય કાવ્યનું વિવરણ ન થઇ શકે અને કાવ્ય સમજવા માટે શાન્ત અને એકાગ્ર મનથી બે ચાર વાર કાવ્ય મનમાં ઉછાળવું જોઇએ. કવિ પોતે શું કહેવા માગે છે અથવા કવિનું દૃષ્ટિબિંદુ શું છે એ સમજ્યા સિવાય કાવ્યનું વિવરણ કરવાની શરૂઆત ન કરવી જોઈએ.

૨ કવિતાને આંખ કરતાં કર્ણ સાથે વધુ સંબંધ છે. કાવ્યનો રસાત્મા છે ધ્વનિ. માટે કાવ્યનો ભાવ પકડવા માટે કાવ્યને ગાવું જોઇએ અથવા મનમાં તેનું ગૂંજન કરવું જોઈએ.

૩ કાવ્યની પહેલેથી છેલ્લી પંક્તિ એક પછી એક લઈ ગદ્યમાં રજૂ કરવાની પદ્ધતિને નૂતનશિક્ષણમાં સ્થાન નથી. દરેક પંક્તિ એક પછી એક લેવા કરતાં કાવ્યની મુખ્ય વસ્તુ—દૃશ્ય, કલ્પના, વિચાર અને વાર્તા કે જેથી કવિકાવ્ય લખવા પ્રેરાયા—શોધી કાઢી તેની આસપાસ કવિના વિચારો

ગૂંથવા જોઇએ. આમ કરવાથી ચિત્ર કે વિચારની અખંડિતતા જળવાઈ રહેશે અને કાવ્યનો રસાનંદ માણી શકાશે.

૪ કવિએ વાપરેલા તમામ શબ્દો બદલી નાખવાના છે એવા ખોટા ખ્યાલથી કાવ્ય-વિવરણ કરવાની શરૂઆત કરવી નહિ. કવિનું ભાષા સામાર્થ્ય સામાન્ય માણુસ કરતાં ઘણુાજ ઊંચા પ્રકારનું હોય છે. ઘણીવાર શબ્દો બદલવા જતાં કાવ્યનું સૌંદર્ય હણાઇ જાય છે, એનો રસ મોળો પડી જાય છે, એની કલ્પના ફિક્કી પડી જાય છે. કવિએ વાપરેલો શબ્દ ઉત્તમ લાગે, બીજા કોઈ શબ્દ દ્વારા એનાથી વ્યક્ત થતાં ભાવ રજૂ ન કરી શકાતા હોય તો વિવરણમાં મૂળ શબ્દ કાયમ રાખો.

૫ તમામ અલંકાર કે કાવ્યમય પંકિતનું ગદ્યમાં રૂપાંતર કરવાથી કાવ્યની ઝમક મરી જશે. જે અલંકારથી કાવ્યની કાવ્યમયતા જળવાતી હોય તે અલંકારને ચૂંથવો નહિ. અલંકારો સાદી ભાષામાં વ્યક્ત કરતાં વિદ્યાર્થીએ સાવધાની રાખવાની છે. સૌભાગ્યવંતી સ્ત્રી, વિધવા જેવી ન બની જાય એનો ખ્યાલ રાખવાનો છે.

૬ કવિતાની શૈલી ધ્યાનમાં રાખવી જોઇએ. જો કાવ્ય હળવું કે ગંભીર હોય તો તેજ શૈલીમાં તેનું વિવરણ થવું જોઇએ. વિવરણની ભાષામાં કાવ્યનો રસ બદલાઈ જવો જોઇએ નહિ. ભાષા કાવ્યના ભાવ સાથે સુમેળ સાધતી હોવી જોઇએ.

૭ જ્યાં એક શબ્દ દ્વારા કાવ્યનો વિચાર રજૂ થઇ શકતો હોય ત્યાં બે શબ્દો વાપરવાની જરૂર નથી. સાદો

શબ્દ ચાલી શકે ત્યાં ભારે સંસ્કૃત શબ્દ વાપરી વિદ્વતાનું પ્રદર્શન કરવાની જરૂર નથી. કોઇપણ શબ્દ નિરર્થક ફક્ત વાક્યો વધારવાની દૃષ્ટિએ વાપરવો નહિ. છતાં કાવ્ય માર્મિક અને અર્થ ગંભીર હોય તો વિવરણ કાવ્ય જેટલુંજ ટૂંકું કરવા પ્રયત્ન કરવો જોઇએ નહિ.

૮ જૂની ગૂજરાતીના શબ્દો, કવિતામાં ખાસ વપરાતા શબ્દો અને અપ્રચલિત શબ્દો બદલે રોજના વ્યવહારના શબ્દો વાપરવા જોઇએ.

૯ કાવ્યમાં ન હોય એવા બીજા વિચારો વિવરણમાં સ્થાન પામવા જોઇએ નહિ.

૧૦ વિવરણ મૂળ કાવ્ય વાંચ્યા સિવાય કવિના તમામ ભાવો સમજાવી શકે એવું સ્વતંત્ર, સરળ અને પ્રવાહી હોવું જોઇએ.

## ગુ લા મ

હું ગુલામ ?
સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ ?
સ્વતંત્ર પુષ્પ ખીલતાં,
સ્વછંદ પંખી ઊડતાં,
ઝુલાવતાં સુડાળ ઝાડ, ના કહેતું કોઈ ના.

સરે સરિત નિર્મળા,
નિરકુંશે ઝરે ઝરા,
વહે સુમંદ નર્તનો, ન હાથ કોઇ દેતું ત્યાં.

સિંધુ ઘૂઘવે કરાળ,
ઊછળે તરંગમાળ,
ગાન કોઈ રોકતું ન, નિત્ય ગીત ગાજતાં.

સ્વતંત્ર પ્રકૃતિ તમામ
એક માનવી જ કાં ગુલામ ?

—ઉમાશંકર જોષી

અભ્યાસ

૧ તમામ પ્રકૃતિ સ્વતંત્ર કઇ રીતે ?
૨ માનવીને 'સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ' કવિએ શા માટે કહ્યું હશે ?
૩ માનવી ગુલામ કેવી રીતે ?
૪ કવિએ આલેખેલાં કુદરતનાં ચિત્રો તમારા શબ્દોમાં ગૂંથો.

[ વિવરણ :

ફૂલો કોઇપણ જાતના અંકુશ વગર ગમે ત્યાં ખીલી રહ્યાં છે. પંખીઓ હૃદયમાંથી પ્રેરણા થાય છે તે દિશામાં અંતરની ઊર્મિ પ્રમાણે ઊડી રહ્યાં છે. તેઓ કોઇ વૃક્ષની સુંદર ડાળ પર બેસે છે; ગેલ કરતાં ડાળને હલાવે છે. સાદ પાડી કોઇ તેમને રોકતું નથી.

ખળ ખળ કરતી નદી વહી જાય છે. પાણીનાં નાનાં નાનાં ઝરણાં નાચતાં નાચતાં મનસ્વી રીતે દોડી જાય છે. તેમના ઇચ્છિત માર્ગને રૂંધવા કોઇ પ્રયત્ન કરતું નથી.

ભયંકર અવાજ કરતો દરિયો ગાજી રહ્યો છે. મોજાંઓ અવિરત ઊછળી રહ્યાં છે. સાગરરાજ પોતાનાં ગીત મુક્ત

કંઠે ગાયેજ જાય છે. એનું ગાણું અવરોધવા કોઈ કોશીશ કરતું નથી.

ફૂલ, પંખી, સરિતા, ઝરણું, સાગર— તમામ પ્રકૃતિ સ્વતંત્ર છે. કુદરતની સમસ્ત સૃષ્ટિમાં બંધન કે અંકુશ નથી. તો પછી મનુષ્ય, પરમેશ્વરનું સર્વોત્તમ સર્જન, અનેકવિધ બંધનોથી જકડાયેલો શા માટે? એકલો મનુષ્ય જ ગુલામ શા માટે?

અભ્યાસ

૧ કુદરતનું જીવન બહારનાં બંધનોથી વિમુક્ત છે. અંતરની ઊર્મિઓને સ્વતંત્ર રીતે વ્યક્ત કરવાનો કુદરતમાં અવકાશ છે. પંખીને ગીત ગાવું હોય તો કોઇ તેના પર બળજબરી કરી તેનું મુખ બંધ કરી શકે નહિ. ફૂલ ફાવે ત્યાં ઉગી શકે છે—જંગલમાં, બાગમાં, દીવાલ પર કે છાપરા પર તેમજ ફાવે તો ઝાડ પર બેસી શકે છે, આકાશમાં ઊડી શકે છે, સરિતામાં નાહી શકે છે, પાંદડાંની પથારીમાં નીંદ લઇ શકે છે. ઉરને એકાંતે કે મનુષ્યના સાંનિધ્યે મધુરાં ગીત ગાઇ શકે છે. એનાં ઇચ્છિત કાર્યમાં કોઇ બંધન નાખતું નથી. તેવી રીતે કુદરતની તમામ સૃષ્ટિ— પંખી, ફૂલ, નદી, ઝરણું, દરિયો વગેરે- નિરંકુશ જીવે છે. જે બંધનો મનુષ્યના જીવનને ચારે બાજુથી જકડી લઇ, તેના સ્વતંત્ર આત્માને રૂંધી નાખે છે. એવાં બાહ્ય બંધનોને કુદરતની સૃષ્ટિમાં સ્થાન જ નથી.

૨ મનુષ્ય સ્રષ્ટા સર્વોત્તમ સર્જન છે. મનુષ્યમાં બુદ્ધિ છે, કલ્પના છે, ઊર્મિ માણવાનું હૃદય છે અને તેને વ્યક્ત કરવા વાણી છે. કોઇપણ પ્રાણી કરતાં મનુષ્ય પોતાનો વિકાસ જાતે

ઓછી શક્તિના વ્યયે સાધી શકે છે. બુદ્ધિમાં અને વાચા-શક્તિમાં તે અદ્વિતીય છે. માટે મનુષ્યને સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ કહ્યું છે.

૩ મનુષ્ય ચારેબાજુથી અનેકવિધ પ્રકારનાં બંધનોથી જકડાયેલો છે. સામાજિક, નૈતિક, ધાર્મિક, રાજકીય, જાતીય, આર્થિક વગેરે અપાર બંધનો તેના અંતરની તમામ ઊર્મિઓ સ્વતંત્ર રીતે વ્યક્ત કરતાં તેને અટકાવે છે—તેના સ્વતંત્ર આત્માને જકડી રાખે છે. મનુષ્ય ફાવે તે બોલી શકતો નથી, દિલને ગમે તે કરી શકતો નથી, મન ખેંચે ત્યાં જઇ શકતો નથી, હૃદય ચાહે તે લઇ શકતો નથી. આંખ, મુખ, કાન, હાથ, પગ વગેરે પર લદાયલી અનેક પ્રકારની બેડીઓ તેને સ્વતંત્ર જીવન ગાળતાં રોકે છે. મનુષ્ય ગુલામ છે. પોતાનો અને પારકાનો, વ્યક્તિનો અને સમષ્ટિનો.

૪ ફૂલો મરજી ફાવે ત્યાં ખીલી રહ્યાં છે. પંખીઓ મનસ્વી રીતે ઊડી રહ્યાં છે. કેટલાંક વૃક્ષની સુંદર ડાળને હલાવે છે, નદી વહે છે. ઝરણાં ગેલ કરતાં આમતેમ ધીમે ધીમે વહે છે. મોટાં મોટાં મોજાં ઉછાળતો દરિયો ઘૂઘવી રહ્યો છે.

## ચિનગારી

એક જ દે ચિનગારી,  
મહાનલ! એક જ દે ચિનગારી  
ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,  
સળગી આભ- અટારી;  
ના સળગી એક સગડી મારી,  
વાત વિપતની ભારી!  
મહાનલ! એક જ દે ચિનગારી.

ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ! હું અધિક ન માગું-
માગું એક ચિનગારી!
મહાનલ! એક જ દે ચિનગારી.

—હરિહર ભટ્ટ.

[ વિવરણ :

મારી જિંદગી ઠરી ગઈ છે. એને જાગૃત કરવા, એનાં થંભેલાં નીર વહેતાં કરવા, હે પ્રભુ! તું એક ચિનગારી, બસ! માત્ર એક જ ચિનગારી દે. તેં સહુ કોઈને સળગાવ્યા છે— ચેતનવન્ત, પ્રાણવાન બનાવ્યા છે. તેં ચાંદો સળગાવ્યો, સૂરજ સળગાવ્યો, આકાશની અટારી પર અસંખ્ય તારક દીપો પ્રકટાવ્યા: એક મારી જ જીવનસગડી તેં ઠંડી રાખી છે! એની જામગરીમાં એક તણખો, માત્ર એક ચિનગારી નાખ! અને તું તો અગ્નિરૂપ છે તો તને ચિનગારીની ક્યાં ખોટ છે?

જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્ત્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષ દેહ તારો એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.
શું થયું સ્નાન સેવા ને પૂજા થકી? શું થયું ઘેર રહી દાન દીધે?
શું થયું ધરી જટા ભસ્મલેપન કરે? શું થયું વાળ લોચંન કીધે?
શું થયું તપ ને તીરથ કીધા થકી? શું થયું માળ ગ્રહી નામ લીધે?
શું થયું તિલક ને તુલસીધાર્યા થકી? શું થયું ગંગજલપાન કીધે?
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે? શું થયું રાગ ને રંગ જાણ્યે?
શું થયું ખટદર્શન સેવા થકી? શું થયું વરણના ભેદ આણ્યે?

એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિના રત્નચિંતામણિ જન્મ ખોયો.

—નરસિંહ મહેતા.

અભ્યાસ

૧ મનુષ્ય પરમેશ્વરને મેળવવા શું શું કરે છે?
૨ કવિને એ કર્મકાંડો કેવા લાગે છે? શા માટે?
૩ મનુષ્ય દેહ એળે ગયો ક્યારે કહી શકાય?
૪ પરમેશ્વરને કેવી રીતે મેળવી શકાય?
૫ 'આ કાવ્ય કોઇ આજના કવિએ લખ્યું હોય એમ લાગે છે?' — કઇ રીતે?

શ્યામરંગ સમીપે ન જાવું,
મારે આજ થકી શ્યામરંગ:૦—
જેમાં કાળાશ તે તો એક સરખું, સર્વમાં કપટ હશે આવું;
કસ્તૂરીની બિંદી તો કરૂં નહિ, કાજળ ન આંખમાં અંજાવું.
—મારે૦

કોકિલાનો શબ્દ હું સુણું નહિ કાને, કાગવાણી શકુનમાં ન લાવું;
નીલાંબર કાળી કંચુકી ન પહેરૂં, જમનાનાં નીરમાં ન નહાવું.
—મારે૦

મરકત મણિ ને મેઘ દૃષ્ટે ન જોવા, જાંબુ વંત્યાક ન ખાવું;
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો, પણ મન કહે જે પલક ના
નિભાવું. —મારે૦

—કવિ દયારામ.

**અભ્યાસ**

૧ શ્યામરંગ સમીપ ન જવાની કોણ પ્રતિજ્ઞા લે છે? શા માટે?

૨ કઇ કઇ વસ્તુઓનો બહિષ્કાર કરવા રાધા નિશ્ચય કરે છે? શા માટે?

૩ એ નિશ્ચય ક્યાં સુધી ટકી શકે છે? કેમ?

૪ આ કાવ્ય સ્ત્રી સ્વભાવનું કયું સામાન્ય લક્ષણ બતાવે છે?

૫ ભાવસૂચક શીર્ષક આપો.

## તું ઉઠ જાગ....

તું ઉઠ જાગ, જગ પાછળ કાં પડયો છે,
શાને કુવેળ જડ નીંદરતો રહ્યો છે?
આ પ્હોર યૌવન તણો નહીં ઘોરવાને,
આ રાષ્ટ્ર, આ યુગ નથી અનુશોચવાને.

તું ઉઠ, જાગ, જનમંડળને જગાડ,
ઘા મોખરે, અરુણ નોબતને વગાડ;
શસ્ત્રાસ્ત્ર સજ્જિત થઈ ભરતી ભરી દે,
સ્વાતંત્ર્યયજ્ઞ મહીં કેસરિયાં કરી દે.

તું ઉઠ, જાગ, જગ તારીજ વાટ જોતું,
જો જો! અપૂર્વ પ્રતિભાભાર ભાવિ સ્હોતું;
મોંઘો ઘણો સમય સાહસ વીરશ્રીનો,
ઉચ્ચોચ્ચ કર્મ કર તું પુરુષાર્થ—ભીનો.

—દેશળજી પરમાર.

**અભ્યાસ**

૧ કવિ કોને જાગ્રત થવાનું કહે છે ? કઈ નિંદમાંથી ? શા માટે ?
૨ કવિ યુવાની શેમાં ખરચવાની કહે છે ?
૩ રાષ્ટ્રયુગ યુવાન પાસે શું માગે છે ?
૪ યુવાન પોતાનું ભાવિ ઉજ્જવળ કેવી રીતે બનાવી શકે ?
૫ વિચારો સ્પષ્ટ કરો :
 ૧ આ પ્હોર યૌવન તણો નહીં ઘોરવાને.
 ૨ આ રાષ્ટ્ર, આ યુગ નથી અનુશોચવાને
 ૩ ઉચ્ચોચ્ચ કર્મ કર તું પુરૂષાર્થ બીનો.

## સૌભાગ્યનો ચાંદલો

વર્ષો સોળની કોમળાંગી તરુણી, લાવણ્યથી લાજતી,
ના'લંકાર ધર્યા શરીર ઉપરે, શ્વેતામ્બરે રાજતી;
ઓષ્ઠે અંગુલિ મૂકીને ક્ષણભર વિચારમાં છે ડૂબી :
ભૂલી દેવભૂમિ શું ભૂતલ પરે દેવાંગના ઉતરી ?
આવ્યો ત્યાં પ્રિય મિત્ર બાળપણનો દેશાંતરે જે હતો,
આઘેથી દૃગ ચારના મિલનથી આનંદ ઉરે થતો;
'છે શું કુશળ વર્તમાન જીવને ? સંસાર લાગે મીઠો:
આવ્યો ના હું વિવાહમંગળ સમે, શું રોષ તેથી ચડયો ?'
નેનો ભૂમિતલે નમ્યાં નિરખીને વિનોદમાં એ વદ્યો;
'રોપી દૃષ્ટિ ભૂમિ પેર અણમૂલા તૂટી પડયા હારને—
કે તેમાંથી સર્યા કહે, અણમૂલા તું શોધતી રત્નને ?"
"હા..! ભાઈ", વદી અસ્ફૂટ, સ્નપિત એ અશ્રુ કપોલો કરે:"

'ના છે રત્નમણિ, અકિંચન અમે, હા, હા, હતો એક તો-
મારો જીવનહાર - કુંકુમભીનો સૌભાગ્યનો ચાંદલો!"

—રમણ ન. વકીલ.

**અભ્યાસ**

૧ બાલસાથી મળવા આવ્યો ત્યારે તરુણી શું કરતી હતી?
૨ બાળસાથી શો વિનોદ કરે છે?
૩ એ શબ્દ-વિનોદની તરુણી પર શી અસર થઈ?
૪ તરુણી રડે છે શા માટે?
૫ આ કાવ્ય વાંચતાં તમને શી લાગણી થાય છે? શા માટે?

## પૂજારી

ઘંટના નાદે કાન ફૂટે મારા,
ધૂપથી શ્વાસ રૂંધાય,
ફૂલમાળા દૂર રાખ પૂજારી,
અંગ મારૂં અભડાય;
ન નૈવેદ્ય તારૂં આ!
પૂજારી પાછો જા!

મંદિરનાં આ ભવ્ય મહાલય,
બંધન થાય મને;
ઓરે પૂજારી! તોડ દીવાલો,
પાષાણ કેમ ગમે!
ન પ્રેમનું ચિહ્ન આ!
પૂજારી પાછો જા!

ઓ રે પૂજારી ! આ મંદિર કાજે,
મજૂર વ્હે પથરા;
લોહીનું પાણી તો થાય એનું,
ને નામ ખાટે નવરા ?
અરે તું ના શરમા ?
પૂજારી પાછો જા !
—કૃષ્ણલાલ શ્રીધરાણી.

**અભ્યાસ**

૧ શા માટે પરમેશ્વરને પૂજારીના ઘંટનાદ, ધૂપ, ફૂલમાળા અને અર્ધ્ય સ્વીકાર્ય નથી ?
૨ મોટા મ્હેલ જેવાં મંદિરો બંધનરૂપ કેવી રીતે લાગે ?
૩ મંદિરોને પ્રેમનું ચિહ્ન કેમ ન કહી શકાય ?
૪ પરમેશ્વર પૂજારીને પાછા જવાનું શા માટે કહે છે. ?
૫ ખરો પૂજારી કોણ ? શા માટે ?

## ફૂટપાથનાં સૂનાર

સૂતાં છે સોડમાં લેઇ પૂંજીઓ પોટલી તણી,
ફાટેલાં ચીંથરાંની કે સૂકેલી રોટલી તણી.

પોઢાડવા પથ્થર-પંથ-શાયીને
હોટેલમાં ગાયન છે થઈ રહ્યાં,
પિશાબખાનાં તણી વાસવંતો
વાયુ થઇ વીંઝણુલો વહી રહ્યો.

તે મોટરોના થડકાટ બાજે,
લક્ષ્મી પરીના ઘુઘરા સમાણા,

ટાઢી સપાટી ફુટપાથ કેરી
આમંત્રતી સૌ મણની તળાઇ શી.

સૂતા છે બાળને બુઢ્ઢાં, જુવાનો જિંદગી ભૂખ્યાં,
અધૂરે વસ્ત્ર ને પેટે ગંદકીની ગમાણુમાં;
જાગશે ભૂમિપોઢયાં આ, પત્થરે પાંખ આવશે;
કાલે તો ભીખશે જો કે, અકાલે ક્રાન્તિ લાવશે.

દારિદ્રયારણ્યથી રે હા દાવાનળ ભભૂકશે,
સુખિયાં હર્મ્યવાસીને ચણાની જેમ ભૂંજશે.

—સુન્દરમ્

## અભ્યાસ

૧ ધનિકો રાતે કયાં સૂતા હશે? તેમને ઝટ ઊંઘ આવી જાય તે માટે શી ગોઠવણ થતી હશે?

૨ ફૂટપાથ પર સૂનાર કોણ હશે? શા માટે તેઓ ફૂટપાથ પર સૂતા હશે?

૩ તેમની પૂંજી કઇ? કવિ તેને પૂંજી શા માટે કહે છે.?

૪ તેમને ઊંઘાડવાના કયા સાધન છે?

૫ કવિ ગરીબોના ભવિષ્ય વિષે શી કલ્પના કરે છે.?

૬ કવિ કયા 'દાવાનળ'ની વાત કરે છે? એનું પરિણામ શું આવશે?

## જ્યારે આયખું ખૂટે—

જ્યારે આ દેહમહીં દેવે ભીરેલું આયખું ખૂટે,
જીવનનો તાંતણો તૂટે.

જેવી રીતે માત નીંદરતું બાળ ધીમેથી અંકમાં લિયે,
માસે માસે અમાસને દિન દેવો મયંકને પીએ;
તેવી રીતે ગોદમાં લેજે, તારામાં સમાવી દેજે,
જ્યારે આ આયખું ખૂટે, જીવનનો તાંતણો તૂટે.

જેવી રીતે બાપ ખંખેરી ધૂળ બાળકના શીશને સૂંઘે,
થાકેલું બાપને ખભે ડોક નાંખી નિરાંતે ઊંઘે;
તેમ ખંખેરી લે જે, મને તું તેડી લે જે,
જ્યારે આ આયખું ખૂટે, જીવનનો તાંતણો તૂટે.

જેવી રીતે માળી ખરેલાં પાન, ક્યારામાં વાળી લિયે,
નવા અંકુર પાંગરવા કાજ, એ પાનને બાળી દિયે.
તેમ મુજ જીવનના સૌ શેષનું કોઇને ખાતર કરજે,
કોમાં નવજીવન ભરજે

—શેષ.

## અભ્યાસ

૧ કવિ કોને સંબોધે છે ?
૨ કવિની પ્રાર્થના શી છે ?
૩ પોતાને કેવી રીતે સમાવી દેવા પરમેશ્વરને વિનવે છે ?
૪ કવિ જીવનનો શો ઉપયોગ કરવા ઇચ્છે છે ? કવિની આ ભાવના કેવી ગણી શકાય ?

## વનફૂલ

મારે મોઢે મધુટપકતી ચૂમીઓ ના ભલે હો !
કે ના મારું સ્થલ અલકની વેણીમાં યે ભલે હો !

ના વેરાઉં સમર પગલામાં ભલે સૈનિકોના,
પામું થાવા શહીદ-શબની ચેહમાં લીન છો ના.

છેટી, છેટી! હૃદય વીંધતી માળીની અર્થદૃષ્ટિ!
છેટાં, છેટાં,! મુકુટ, રશના, મૂર્તિને મંદિરો હે!
ને છેટી છો મુજથી કવિની કલ્પના રંગવૃષ્ટિ,
ને બીજું યે ઘણુંય અણજાણ્યું રહ્યું દૂર છો રે!

મારે પોચે સુરભિભર હૈયે સહ્યા છે સુખેથી
મૂંગે મૂંગે જખમ વખડંખી મધુમખ્ખીઓથી
ને તો યે હું નિતનિત નવી સૌરભે હૈયું ખોલું,
ના રાખું કૈં ભ્રમર ડર; હૈયે છુપી ગૂઢ આશા:
કે સંચેલી કણકણી ભળે આત્મગન્ધોની ઢોળું,
જ્યારે પેલો વન ઘુમી વહે વિશ્વનો માતરિશ્વા.

—ઉમાશંકર જોશી.

## અભ્યાસ

૧ ફૂલનું સ્થાન ક્યાં હોય?
૨ વનફૂલને શેની તમા નથી?
૩ મધમાખીઓના ડંખો સહન કરતાં તેને શો સંતોષ રહે છે? એ સંતોષ કેવા પ્રકારનો કહેવાય?
૪ વનફૂલને હૈયે શી છૂપી ગૂઢ આશા છે?
૫ વનફૂલની ભાવના વિષે તમારો શો ખ્યાલ છે?

## ચિંતા કરે ચાલશે ના

ત્હારાં સ્વજન તને જાય મૂકી તો
તેથી કાંઈ ચિંતા કરે ચાલશે ના.

તારી આશાલતા પડશે તૂટી
ફૂલભરી એ ફાલશે ના.
તેથી કાંઇ—
બારણે તિમિર ઘોર ઘેરાશે,
એટલે શું તું અટકી જાશે?
વારંવારે ચેતવે દીવો;
બેર એ દીવો ચેતશે ના.
તેથી કાંઇ—
બારણાં સામે બંધ મળે,
એટલે પાછો આમ શું ફરે?
વારંવારે ઠેલવા પડશે;
બારણાં તોય ફુાલશે ના.
તેથી કાંઇ—
સૂણી તારા મુખની વાણી,
વીંટળાશે વન વનનાં પ્રાણી;
તોય પોતીકાં ઘરમાં તારે
પ્હાણનાં હૈયાં ગળશે ના.
તેથી કાંઇ—

—રવીન્દ્રનાથ ટાગોર
(અનુ: મહાદેવ દેસાઇ)

**અભ્યાસ**

૧ કવિ આપણને શો સંદેશ આપે છે? એ સંદેશને કેવો કહી શકાય?
૨ કવિ કયા 'તિમિર', 'દીવો' અને 'બારણાં'ની વાત કરે છે?

૩ આ માટે મનુષ્યે 'મુશ્કેલી', 'વિરોધ'ને ગણકારવાં ન જોઇએ ?
૪ નીચેના વિચારો સ્પષ્ટ કરો:

૧ આચાલતા ફૂલભરી ડાલશી ના.
૨ ખેર, એ દીવો ચેતશે ના.
૩ વારંવારે ઠેલવાં પડશે, બારણાં તોય હાલશે ના.
૪ 'વનવનનાં પ્રાણી', 'પ્હાણનાં હૈયાં'

## મિત્રપત્નીને

તને હું ચાહું છું; —નહિ ભડકતી આ વચનથી,
તને સૌ યે ચાહે અશી નમણી તું છે જ રમણી.
કુટુંબીકાસારે અનુપ વિકસેલી કમલિની!
વનોની દુર્વા કે ચરી ઉછરી શું કામ્ય હરિણી !

જતી એવી તાજી તરલગતિએ યૌવન પથે,
પહેરી અંગાંગે વનપરાગના રંગ કુમળા,
સુગોપાઇ યૂથે, પણ નયન સંચારત બધે
પ્રવાસે ખોજંતી હરિણ નમણો બંકિમશૃંગી.

અમારા યૂથેથી સુહૃદ અમ ઝાલ્યો તવ દૃગે,
ઝલાયો એ હોંશે, બસ કથની પૂરી તહીં થતી.
યથા એનું હૈયું અમ પર ઢળતું, ત્યમ ઢળ્યું
તું પે આખું, રે એ દ્વિગુણિત તિ[illegible]ના શી ખુશાબો !

તને હું ચાહું છું, ક્યમ ન [illegible]ાહું ? ચ્હાવા તું સરખી,
ભળી તેમાં પાછી મુજ સુહૃ[illegible]ની સ્નેહસુરખી,

—[illegible]રમ.

**અભ્યાસ**

૧ પોતાના મિત્રની પત્નીને કોઇ ચાહી શકે ? સુન્દરમ્ શું કારણ આપે છે ?

૨ કાવ્ય પરથી 'મિત્રપત્ની'નાં સૌંદર્યનો શો ખ્યાલ આવે છે ? એને 'કમલિની' અને 'હરિણી' સાથે કેવી રીતે સરખાવી છે ?

૩ 'દ્વિગુણિત દિલોની ખુશબો' કઇ ?

૪ આ કાવ્ય પરથી મિત્ર અને મિત્રપત્ની માટે કવિની શી લાગણી હશે તે સૂચવો.

## કવિને !

ધરતીને પટે પગલે પગલે
મુઠી અન્ન વિના નાનાં બાળ મરે,
પ્રભુ હીન આકાશેથી આગ ઝરે.
અહોરાત કરોડ કરોડ ગરીબોનાં પ્રાણ-ધનિકો.ને- હાથ રમે;
ત્યારે હાયરે હાય કવિ, તુંને સંધ્યાનાં રંગ તણા શીદ ગીત ગમે?

લથડી લથડી ડગલાં ભરતી,
લાખો નાર ગલી ગલીએ ભમતી,
સારી રાત ભૂખે મજૂરી કરતી,
"મારાં બાળ પરોઢિયે જાગીને માગશે ભાત" વિચારી એ દેહ દમે;
ત્યારે હાયરે હાય કવિ તુંને કોકિલાનાં શેણું ગીત ગમે ?

દિન રાત જેઓનાં નસે નસમાં,
પડે ઘોષ ભયંકર યંત્ર તણાં,
પીએ ઝેરી હવા જે દમેદમમાં;

તેને શાયર શું? કવિતા શું? ફૂલો અને તારલિયામાં કેમ રમે?
ત્યારે હાયરે હાય કવિ, તુંને કૃષ્ણ–કનૈયાની બંસરી શેણુ ગમે?

સારા વિશ્વની જે દિ ક્ષુધા સમશે,
ભૂખ્યાં બાલુડાં પેટ ભરી જમશે,
પૂરી રોટી પ્રતિ જનને જડશે.

કવિ! તે દિન નીલ આકાશ, તારા કેરી સુન્દરતા સહુ સાર્થ બને;
તારાં કૂજન આજ જલાવી દે પ્રાણ! રે દંભ ગાવા તને કેમ ગમે?

—ઝવેરચંદ મેઘાણી.

**અભ્યાસ**

૧ શ્રમજીવીઓની દુર્દશા વિષે શ્રી મેઘાણી શું કહે છે?
૨ આપણા કવિઓ શેના પર ગીતો રચે છે?
૩ તેમણે કોનાં ગીતો ગાવાં જોઇએ?
૪ જગતના સુખ માટે કવિ શી કલ્પના કરે છે
૫ આજે લોકોમાં કવિતાનો શોખ શા માટે નથી? એ શોખ ક્યારે જાગશે?

## માડી

તુજ મ્લાન વદન શે માડી!
તુજ હૈયે આ શો કમ્પ?
ક્યાં વીર ગર્જનો છૂપ્યાં?
શે ગળી ગયાં તુજ અંગ?

તુજ અંગઅંગમાં તરવરતું ક્યાં છૂપ્યું ચેતન માત?
તુજ હસ્યુ ફોરતાં નેત્રે, શે આજ અશ્રુની ધાર?

તુંજ તનય અમે આ માડી !
શું પાક્યા પથ્થર સૌ ?
શું કાયરતાને ઘોળી,
વીરત્વ વિસાર્યાં સૌ ?

નહિ, નહિ, નહિ, નહિ, નથી હજી વીરત્વ વિસાર્યાં માત !
નથી ચૂડી પ્હેરી બેઠા, નથી ભૂલી બેઠા ભાન.

ખંખેર માત ! સૌ તારાં
ભય ગ્લાનિ સ્વપ્નાં આજ,
ને મીઠી આશિષોથી
અમને નવજીવન આપ.

તને પરાધીન પુન્નરક મહીંથી ઉદ્ધારીને માત !
તુજ "પુત્ર" નામ ધારેલું, અમે સાર્થક કરશું આજ.

—પ્રો. મનઃસુખલાલ ઝવેરી.

## અભ્યાસ

૧ કવિ કઈ 'માડી' ની વાત કરે છે ? માડીનું શબ્દચિત્ર ટૂંકમાં આલેખો.

૨ માને પેટે પથ્થર પાક્યા ક્યારે કહેવાય ? કવિ એનો ઇન્કાર શા માટે કરે છે ?

૩ 'પુત્ર' નામ કેવી રીતે સાર્થક કરી શકાય ?

૪ આ કાવ્ય વાંચ્યા પછી તમને શા વિચાર આવે છે ?

૫ 'જન્મભૂમિ' પર બીજાં કયાં કાવ્યો તમે વાંચ્યાં છે ?

# લગ્નની આગલી રાત્રિએ

થશે કાલે વ્હાણે જીવન શરુ કે પૂરણ થશે ?
અમારા પ્રારબ્ધે સુખ બહુ લખ્યું કે દુખ હશે ?
હશે પ્રીતિ એની મુજ પર ઘણી કે નહિ હશે ?
થશે હૈયાં ભેગાં, જિગર કટકા વા થઈ જશે ?

હશે જો ના એનો પ્રણુય દુખ એને અતિ થશે ?
દઉં વ્હાલાને ગે દુખ મુજથી તે ના કદિ બને;
વરું હું એને ? કે કહી દઉં હું ના સાફ સહુને ?
બને ના એ કો દિ–મુજ હૃદય એને ન તજશે.

સગાં સ્નેહી સર્વે અતિ ઉલટથી કાર્ય કરતાં,
અમે રાજી કે ના જરી પણ ન તે ધ્યાન ધરતાં;
પિતા માતા મારા મુજ ગરીબનું દાન કરશે,
ન તે લેવા ઇચ્છા કદિક પિયુની લેશ જ હશે.

જીવી હું દુખી કરૂં પ્રિતમ ? ના બને તે;
જીવી કુમારી રહું ? અંતરના ના કહે તે.

—જયમનગૌરી પાઠકજી.

**અભ્યાસ**

૧ ' કાલે વ્હાણે જીવન શરૂ કે પૂરણ થશે ' એવું કુમારિકા શા માટે કહે છે ?
૨ પતિ વિષે કુમારિકા શો ખ્યાલ કરે છે ?
૩ સગાં–સ્નેહી પર તે શો કટાક્ષ કરે છે ?
૪ લગ્નની આગલી રાત્રિએ કુમારિકાના હૃદયની સ્થિતિ વિશે તમને શો ખ્યાલ આવે છે ?

# એકલો

તુજ સુખની મહેફિલમાં તું સહુને નોતરજે,
પણ જમજે અશ્રુની થાળ એકલો.
હોંશીલા જગને હસવા તેડું કરજે,
સંઘરજે ઉરની વરાળ એકલો.
તુજ દ્વારે દીપકમાલા ચેતવજે,
ગોપવજે દિલ—અંધારાં એકલો.
પરને આંગણ અમૃત—ઝરણાં રેલવજે,
પી લેજે વિષ તારાં તું એકલો.
તુજ ગુલશનના ગુલ જે માગે તેને દેજે,
તું સહેજે સર્પોના દંશ એકલો.
કીર્તિની કલગી સહિયારે કર દેજે,
ભોગવજે બદનામી અંશ એકલો.
દિલ દિલની દુઃખી વાતો દિલસોજીથી સૂણજે,
ચૂપ રહેજે કાપી જબાન એકલો.
કો થાકેલા પગની કાંકર ચૂમી લેજે,
કદમો ભરજે કંટક પર તું એકલો.

—ઝવેરચંદ મેઘાણી.

**અભ્યાસ**

૧ બીજાઓને માટે શું શું કરવાનું કવિ કહે છે ?
૨ કવિની આ ભાવના તમને કેવી લાગે છે ?
૩ પોતાને માટે શું શું કરવાનું કવિ આપણને કહે છે ?
૪ બદનામી પોતે વહોરી લેવી એ ભારે હશે કે કીર્તિમાં કોઇની સાથે ભાગ પાડવો પડે એ ભારે હશે ? શા માટે ?

# ભારતી

ભારતી અનુપમ અમી પ્રસરાય,
    પ્રણય ઝરણુ રેલાય.    ભારતી૦
અગણિત અસુર નિકંદન કારી,
સત્યપંથ માનવ યશધારી;
    જનની શીતળ છાંય.  ભારતી૦
જળચર સ્થળચર નભચર ઉરમાં,
વિધ વિધ જીવન પ્રકૃતિ પૂરમાં;
    અણું અણું એ નીરખાય.  ભારતી૦
વ્યોમઘટામાં તેજ તમારું,
સાગરમાં મધુ હાસ્ય છે પ્યારું;
    પૃથ્વી પટ પરખાય.  ભારતી૦
માતૃપ્રેમના ઝરણે ઝરતું,
આદર્શોના ઓઘો ભરતું;
    મન મારું મલકાય.  ભારતી૦

—હિંમતલાલ દવે.

**અભ્યાસ**

૧ ભારતીનું દર્શન કવિ કઇ કઇ જગાએ કરે છે ?
૨ કઇ જનનીને શીતળ છાંય કહું છે ? શા માટે ?
૩ ભારતીનું દર્શન કરતાં કવિને તૃપ્તિ થાય છે કે નહિ ? શા માટે ?
૪ આવાં દેશભક્તિનાં બીજાં કાવ્યો તમે વાંચ્યાં છે ? ક્યા ક્યા કવિઓના ?

# સંક્ષિપ્ત લેખન—

સંક્ષિપ્ત લેખન એક કળા છે, અને એ કળા શ્રમ, ખંત અને મહાવરાથી સાધ્ય બને છે. બુદ્ધિને કસતી, શબ્દ-શક્તિને કસોટીએ ચઢાવતી, મનની એકાગ્રતા પોષતી આ કળા બુદ્ધિજીવીના જીવનમાં અગત્યનું સ્થાન પામે છે. વિચાર વિસ્તાર લેખન કરતાં પણ વધુ ભાષા શક્તિની અહીં જરૂર છે. ટૂંકમાં પણ સચોટ રીતે બોલતાં અને લખતાં આપણા-માંથી ઘણા ઓછાને આવડે છે જીવનમાં ડગલે ને પગલે આવશ્યક બનતી એ કળા સંક્ષિપ્ત લેખનના મહાવરાથી સાધ્ય બને છે.

જેમ બને તેમ ઓછામાં ઓછા શબ્દોમાં કોઇના વિસ્તારથી રજૂ થયેલા વિચારો સ્વતંત્ર ભાષામાં રજૂ કર-વાથી સંક્ષિપ્ત લેખન થાય સંક્ષિપ્ત લેખન મોટા ફોટાની નાની કોપી નથી કે વિશાળ ગ્રંથની ખિસ્સા આવૃત્તિ નથી. ફક્ત અગત્યના મુદ્દાઓને જ અહીં સ્થાન છે. નકામું પિષ્ટ-પેષણ દૂર કરી અગત્યનો એકેએક મુદ્દો પોતાની સ્વતંત્ર ભાષામાં ટૂંકાણમાં રજૂ કરવાનું કાર્ય અતિ કઠિન છે. એકાગ્ર મન, ઝીણવટભરી સમજ, વિવેકબુદ્ધિ ને ભાષા પરનું પ્રભુ-ત્વ સંક્ષિપ્ત લેખન માગી લે છે.

સંક્ષિપ્ત લેખન અને વિવરણ વચ્ચે ગેરસમજ થવી ન જોઇએ. વિવરણમાં કાવ્ય કે ગદ્ય ખંડકના સાર ઉપરાન્ત એની તમામ વિગતો આપવી પડે છે. એથી વિવરણનું લખાણ

મૂળ જેટલું જ અથવા ઘણીવાર એથી લાંબું બને છે. પરંતુ સંક્ષિપ્ત લેખન હમેશાં મૂળ કરતાં ટૂંકું હોવું જોઇએ; કારણ કે તેમાં ફક્ત મુખ્ય વિચારોને જ સ્થાન મળે છે. લેખકોની શૈલીમાં ભિન્નતા હોય છે. કેટલાક ઓછા શબ્દોમાં પોતાના વિચાર સચોટ રીતે રજૂ કરી શકે છે, જ્યારે બીજાને એજ વિચારો વ્યક્ત કરવા વિસ્તૃત વાકયોનો આશરો લેવો પડે છે. માટે સંક્ષિપ્ત લેખનના કદમાં અમુક જ બંધારણ ઠોકી બેસાડાય નહિ. છતાં બને ત્યાંસુધી સંક્ષિપ્ત લેખનનું લખાણ મૂળ લખાણના ત્રીજા ભાગનું હોવું જોઈએ.

<u>સૂચના</u>

૧. મોટા ફકરામાંથી અગત્યના વિચારો ચૂંટી કાઢવાનું કાર્ય સહેલું નથી. તમામ વિચાર શક્તિ ફકરા પર કેન્દ્રિત કરી એક ધ્યાનથી ફકરો બે ત્રણ વાર ઉલટાવી ઉલટાવીને વાંચવો જોઇએ ફકરો શેના પર લખાયો છે એ પહેલાં શોધી કાઢવું જોઈએ. જેમ જેમ ફકરો વધુ વાંચશો તેમ તેમ મુખ્ય વિષય સ્પષ્ટ અને પરિચિત બનશે.

૨ વિષય શોધી કાઢયા પછી ફકરાનું શીર્ષક નક્કી કરો. આખા ફકરામાંથી કોઈપણ શબ્દ, શબ્દઝૂમખો કે વાકયનો વિચાર કરો કે જે વિષય વ્યક્ત કરી શકે. ઘણી વખત ફક-રામાં મુખ્ય વિચાર દર્શાવતું વાકય કે વાકયો હોય છે, અને તે શરૂઆતમાં, વચ્ચે કે છેલ્લું હોય છે. એ વાકયમાંથી શીર્ષકને યોગ્ય શબ્દ મળી રહે છે. આ વખતે શીર્ષક શોધી કાઢવાથી આખા ફકરાના વિચારો તમારા મનમાં રમતાં થઇ

જશે, અને નકામી વિગતો કાઢી નાખી બીજા અગત્યના મુદ્દાઓ શોધવાનું કાર્ય સરળ થઇ પડશે.

૩ શીર્ષક નક્કી કર્યા પછી અગત્યના મુદ્દાઓ તારવવા રહ્યા. આખો ફકરો સમજ્યા હશો તો કઇ વિગતો જરૂરની છે અને કઇ નકામી છે તે સમજાશે. મુદ્દાઓ શોધવાનું કાર્ય ઘણા મહાવરા પછી સરળ બને છે.

૪ દરેક શબ્દ અને વાકયની ઝીણવટભરી તપાસની જરૂર છે. ઘણીવાર અઘરા શબ્દો ન સમજાવાથી અગત્યના મુદ્દા રહી જાય છે.

૫ અગત્યના મુદ્દાઓની ટૂંકાણમાં નોંધ કરો. સંક્ષિપ્ત લેખનની શરૂઆત કરતાં પહેલાં કેટલા શબ્દોમાં તમારું લખાણ હોવું જોઇએ તેની ગણતરી કરી નાખો. જેમ બને તેમ ઓછા શબ્દોમાં મુદ્દાઓ ગોઠવો એક પણ અગત્યનો મુદ્દો રહી જવો જોઇએ નહિ

૬ મુદ્દાઓની નોંધ કર્યા પછી મૂળ ફકરો આંખ આગળ રાખવો સલાહભર્યો નથી. ફકરો વાંચતાં વાંચતાં સંક્ષિપ્ત લેખન કરવાથી ઘણીવાર મૂળ લખાણનાં વાકયોને શબ્દો વપરાઇ જાય છે.

૭ પ્રથમ પ્રયાસ કદી સંતોષકારક બનતો નથી. સંક્ષિપ્ત લેખન લાંબું થઇ જાય છે. બે ત્રણવાર આવા પ્રયાસોની જરૂર છે.

સંક્ષિપ્ત લેખન કરતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખો:-

૧ સંક્ષિપ્ત લેખન તમારા જ શબ્દોમાં હોવું જોઇએ.

૨ લખાણુ સળંગ અને સંબદ્ધ હોવું જોઇએ. જ્યાં જરૂર હોય ત્યાં નવા ફકરા પાડો, પણ આખું લખાણુ એકધારૂં ને પ્રવાહી હોવું જોઇએ.

૩ મૂળ ફકરાની મદદ વગર બધાજ વિચારો સમજી શકાય એવા હોવા જોઈએ.

૪ પ્રાદેશિક રચનાઓ, આલંકારિક અને સાક્ષરી ભાષા, પ્રશ્નાર્થ, વ્યંગ કે આશ્ચર્ય ઉદ્દગાર વગેરે સૂચવતી રચનાઓ સાદા વાકયોમાં ફેરવી નાખો

૫ મૂળ ફકરાના વિચારોનાં ક્રમ જાળવવા તમે બંધાયલા નથી. ક્રમમાં ફેરફાર કરવાથી વિચારો વધુ સ્પષ્ટતાથી રજૂ કરી શકાતા હોય તો તે છૂટ લઇ શકો છો.

૬ પુનરુક્તિ, દૃષ્ટાંતો, દાખલા છોડી દો, પરંતુ આલંકારિક શબ્દો સાદી ભાષામાં લખો. લાંબાં લાંબાં વાકયોને બદલે ટૂંકા શબ્દો વાપરો.

૭ લખાણુ લાંબું થઈ જતું હોય તો મૂળ વાકયોમાંથી ભાવ તારવી ટૂંકું કરવા કોશીશ કરો.

૮ યોગ્ય શીર્ષક આપો.

૯ તમારા વિચાર કે ટીકાઓ ઉમેરો નહિ.

૧૦ સંક્ષિપ્ત લેખન ફરી તપાસી જાઓ.

[૧]

સુશિક્ષિત, બુદ્ધિશાળી અથવા વીર પુરૂષ જેવી રીતે ખાવાને જ જીવનમાં અગત્યનું સ્થાન આપતો નથી, તેવી રીતે પૈસા કમાવવામાં જ જીવનની સાર્થકતા સમજતો નથી. દરેક તંદુરસ્ત માણસને ખાવું ગમે છે; છતાં એજ એના જીવનનું ધ્યેય નથી. તેવીજ રીતે દરેક સુશિક્ષિતને પૈસા પેદા કરવા ગમે છે–ગમવા જોઇએ અને સંપત્તિ મેળવતાં જે આનંદભરી લાગણી થાય છે તેમાં રાચવું જોઈએ. વીર યોદ્ધો બહાદુરીથી લડવામાં રાચે છે. એને જે પગાર મળે છે તેથી એને સંતોષ અને આનંદ થાય છે. આનંદ થવો જ જોઇએ; છતાં એના જીવનની વ્યાપક ભાવના યુદ્ધ જીતવાની છે, નહિ કે જીતવા માટે પગાર મેળવવાની. એજ પ્રમાણે દાક્તરો. તેમને જરૂર ફી ગમે છે–ગમવીજ જોઈએ; છતાં જો તેઓ કેળવાયેલા અને સંસ્કારી હશે તો સારી ફી મેળવવામાં જ જીવનનું એક માત્ર ધ્યેય નહિ સમજે. ઉલટી તેમની ઝંખના દરદીને સારો કરવાની હોય છે. સાચો દાક્તર દરદીને મારી નાખી ફી મેળવવા કરતાં ફી ન મળી શકે એમ હોય તોપણ દરદીને સારો કરવામાં પોતાની તમામ શક્તિ ખરચી નાખે છે. સાચી કેળવણી પામેલા પોતાનાં કામ અને ફરજને જ મહત્ત્વ આપે છે. ધનપ્રાપ્તિ હમેશાં ગૌણ બની રહે છે.

<u>ફકરાનો મધ્યવર્તી વિચાર</u>

બુદ્ધિશાળી, સુશિક્ષિત અને સંસ્કારી મનુષ્યો ફક્ત પૈસા કમાવાને જ જીવનનું એકમાત્ર ધ્યેય કદી બનાવતા નથી.

## મુખ્ય મુદ્દાઓ

૧ બુદ્ધિશાળી, સુશિક્ષિત અને બહાદુર પુરુષો ફક્ત ધનપ્રાપ્તિમાંજ જીવનની સાર્થકતા સમજતા નથી.

૨ બહાદુર સૈનિકનું ધ્યાન યુદ્ધમાં વિજય મેળવવામાં હોય છે, નહિ કે પગાર મેળવવા માટે જીતવામાં.

૩ સાચા દાકતરને મન ફી કરતાં દરદીનું આરોગ્ય વધુ કિંમતી હોય છે.

૪ સંસ્કારી પૈસાને ચાહે છે ખરો, પણ પ્રથમ પોતાનું કામ અને ફરજ, પછીજ પૈસો.

## સંક્ષિપ્ત લેખન

બુદ્ધિશાળી, સંસ્કારી, સુશિક્ષિત અને બહાદુર પુરુષો-ની જીવનમાં મુખ્ય નેમ ફકત ધનપ્રાપ્તિની નથી હોતી. તેઓ પૈસાને ચાહે છે ખરા, પણ પ્રથમ તેમનું કામ અને ફરજ, પછીજ પૈસો બહાદુર સૈનિક રણક્ષેત્રમાં વિજય માટે ઝઝુમે છે, નહિ કે ફકત પગાર માટેજ સાચા દાક્તર-ને મન દરદીની ફી કરતાં તેનું આરોગ્ય હંમેશાં વધુ કિંમતી બની રહે છે.

[ ૨ ]

જ્યારે હું વિચાર કરૂં છું કે આપણા દેશબંધુઓએ સૃષ્ટિવિજ્ઞાનનાં અજ્ઞાનને લીધે કેટલું સુખ જતું કર્યું છે ત્યારે મને ઘણું દુઃખ થાય છે. અલબત્ત જન્મથીજ શોક અને દુઃખ મનુષ્યના નસીબમાં છે, પરંતુ નીરસ જીવન ગાળવાનું તે નસીબમાં લખાવી નથી આવ્યો, અને જેણે વિજ્ઞાનનું

જ્ઞાન મેળવ્યું છે; તેનું જીવન કદી નીરસ ન બની શકે છતાં કોઈને જીવન લુખ્ખુ લાગે તો દોષ એનો પોતાનો. દરેક વૃક્ષ, દરેક ખેતર, દરેક બાગ, દરેક ઝરણું, દરેક તળાવ જેને આંખનો ઉપયોગ કરતાં આવડે છે તેને માટે રસ અને આનંદનાં ધામ છે. ખેતરમાં વૃક્ષની હેઠળ બેઠાં બેઠાં આકાશ-નાં વાદળાં કે ઊડતાં પક્ષીઓનું દૃશ્ય કેટલું સુંદર છે, એનું જેને ભાન છે તે કદી સિનેમા કે નાટકની ગંદી હવા પસંદ નહિ કરે. વિજ્ઞાન કેટલું રસભર્યું છે તેની જેને ખબર છે તે કદી જુગાર કે સટ્ટામાં શક્તિ અને દ્રવ્યનો વ્યય નહિ કરે. સૃષ્ટિ વિજ્ઞાનના અભ્યાસથી કોઈને નુકસાન થયું નથી, ઉલટું પરીઓની વાર્તામાંની બુઢ્ઢી પરીની માફક તે આપણને સારી ને સારી ભેટ હંમેશાં આપે જ જાય છે. કુદરતનો પ્રેમ અખૂટ જ્ઞાન અને અપૂર્વ, નિર્મળ અને સાત્ત્વિક આનંદ બક્ષે છે. એ પ્રેમમાંજ માનવજાતનું કલ્યાણ છે.

<u>ફકરાનો મધ્યવર્તી વિચાર</u>

સૃષ્ટિ વિજ્ઞાનનું જ્ઞાન મનુષ્યના જીવનને વ્યસનના પંજામાંથી ઉગારી લઈ રસ, આનંદ અને સુખથી ભરી દે છે.

<u>મુખ્ય મુદ્દાઓ</u>

૧ સૃષ્ટિ વિજ્ઞાનનો અભ્યાસ અખૂટ આનંદ, જ્ઞાન અને સુખનું મૂળ બની રહે છે.

૨ નાટક-સિનેમાનાં દુર્વ્યસન અને જુગાર, સટ્ટાની ખોટી લતમાંથી બચાવે છે.

૩ કુદરતના પ્રેમમાંજ મનુષ્યનું કલ્યાણ છે.

**સંક્ષિપ્ત લેખન**

સૃષ્ટિ વિજ્ઞાનના અભ્યાસથી જીવનમાં અખૂટ આનંદ, જ્ઞાન અને સુખનો સંચાર થાય છે. કુદરતનો અભ્યાસ કરનારનું જીવન કદી નીરસ થતું નથી. કુદરત પ્રેમી માટે કુદરતની એકેએક વસ્તુ રસદાયક બને છે. જેણે કુદરતી દૃશ્યો અને જીવનની સુંદરતા પિછાની છે તેને કદી સિનેમા, નાટક, સટ્ટો કે જુગારમાં રસ નહિ પડે. કુદરતના પ્રેમમાંજ મનુષ્યનું કલ્યાણ છે.

[ ૩ ]

કહે છે કે બધા મહાપુરૂષો 'ટાઇમટેબલ' રાખતા ને તે પ્રમાણે વર્તતા. મહાપુરુષો વિષે કહેવાય છે એમાંની ઘણી વાતો 'લઘુ પુરૂષો' એ જોડી કાઢેલી હોય છે. છતાં આ વાતમાં કંઇ તથ્ય હોય તોપણ તેઓ 'ટાઈમટેબલ' ઘડીને ચાલતા હતા માટે મહાપુરુષ થયા હતા એમ વકતવ્ય હોય તો તે ખોટું છે. 'ટાઇમટેબલ' પ્રમાણે ચાલતા માટે તેઓ મહાપુરૂષ થયા એમ માનવા કરતાં તેઓ મહાપુરુષ હતા માટે 'ટાઇમટેબલ' પ્રમાણે ચાલી શકતા એમ માનવું વધારે સયુકિતક છે. 'ટાઈમટેબલ' પ્રમાણે તો ટ્રેઈન પણ ચાલી શકતી નથી, તો આપણા જેવા સામાન્ય માણસનું શું ગજું કે 'ટાઈમ ટેબલ' પ્રમાણે બરાબર ચાલી શકીએ? આપણું આખું જીવન અનિશ્ચિતતાથી ભરેલું છે, તેમાં 'ટાઇમટેબલ' ને અવકાશ જ નથી.

—જયોતીન્દ્ર દવે.

( 'ટાઇમટેબલ' માંથી )

**મધ્યવર્તી વિચાર:** "ટાઇમ ટેબલ" પ્રમાણે ચાલવું સામાન્ય માણસ માટે સંભવિત નથી.

**મથાળું:** જીવનમાં 'ટાઇમટેબલ'?

**મુદ્દાઓ:** ૧ અનિશ્ચિતતાથી ભરેલાં મનુષ્ય જીવનમાં 'ટાઇમટેબલ'ને અવકાશ જ નથી.

૨ 'ટાઈમટેબલ' પ્રમાણે ચાલવાથી મહાપુરૂષો થયા એ વાત ખોટી છે.

૩ મહાપુરૂષો હતા માટેજ 'ટાઈમટેબલ' પ્રમાણે ચાલી શકયા.

૪ સામાન્ય માણસ માટે 'ટાઇમટેબલ' પ્રમાણે ચાલવું ઘણું મુશ્કેલ છે.

**સંક્ષિપ્ત લેખન**

અનિશ્ચિતતાથી ભરેલાં મનુષ્ય જીવનમાં 'ટાઇમટેબલ' ને સ્થાન જ નથી. કોઇ 'ટાઈમટેબલ' પ્રમાણે ચાલવાથી મહાન થયું હોય તો તે અસત્ય છે. તેઓ મહાપુરૂષો હતા માટે જ 'ટાઇમટેબલ' પ્રમાણે ચાલી શકયા, પણ સામાન્ય માણસ માટે તો 'ટાઈમટેબલ' પ્રમાણે અચૂક વર્તવું અસંભવિત છે.

( ૪ )

અરે ! આ હિમાલયે શું શું નથી જોયું ? પૃથ્વી પરના અસંખ્ય ધરતીકંપ, અને આકાશમાંના હજારો ધૂમકેતુને આંખની પાંપણ પણ હાલવા દીધા વગર એણે જોયા છે. મહાદેવના વિવાહ એણેજ કરી આપ્યા છે. સતીના વિહારનું અને કુમાર સંભવનું એણે જ અપત્યવાત્સલ્યથી કૌતુક કર્યું છે. રઘુકુળની ભગીરથ પર્યન્તની અનેક પેઢી-

ઓની કઠણ તપસ્યાઓનો એ સાક્ષી છે. પાંડવોની મહાયાત્રા એણેજ સફળ કરી છે. પણ જૂની વાતો શા માટે ? સત્તાવનની સાલનાં પરાક્રમમાં શિકસ્ત મળવાથી હતાશ ને નાસીપાસ થયેલા વીરોને અને મુત્સદ્દીઓને હિમાલયનો જ આશ્રય મળ્યો છે. ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિથી જોવું હોય, પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિથી વિચારવું હોય, ધર્મતત્ત્વોને ઉકેલવાનો જો તમારે પ્રયત્ન કરવો હોય, તો હિમાલયમાં જ તમારૂં સમાધાન થવાનું; કારણ આર્યાવર્તના એકેએક જમાનાના પુરૂષાર્થ હિમાલય જાણે છે.

—કાકા કાલેલકર.

('નગાધિરાજ' માંથી)

## હિમાલયની યશગાથા

[ સંક્ષિપ્ત લેખન: હિમાલય હિંદના એકેએક યુગના ઇતિહાસનો સાક્ષી છે. ગયા યુગમાં મહાદેવ વિવાહ, સતિવિહાર અને કુમારજન્મ, રઘુવંશજોની તપશ્ચર્યાઓ, પાંડવોની મહાયાત્રા ઉપરન્ત અસંખ્ય ધરતીકંપો અને હજારો ધૂમકેતુ તેની નજર આગળ થયા. '૫૭ના બળવા વખતે નિષ્ફળ નીવડેલા મુત્સદ્દીઓ અને વીરો ત્યાં લપાયા. હિમાલય દરેક શાસ્ત્રનું પ્રયોગસ્થાન અને દરેક પ્રશ્નનું નિરાકરણ સ્થાન છે. ]

અભ્યાસ :

૧ હિમાલય હિંદના એકેએક યુગનો સાક્ષી કેવી રીતે ?
૨ ગયા યુગોમાં તેણે શું જોયું ?
૩ આ જમાનામાં તેનો શેમાં ઉપયોગ થયો છે ?
૪ આજે તેનું મહત્વ શું ?

( ૫ )

બહુ શોરબકોર કરે એજ કાંઇ ખરો સેવક નથી સેવક તો મૂંગું કાર્ય કરે ને કાર્યના પરિણામથી પોતાની સેવા જાહેરમાં લાવે. ગમે તેવો સેવક હોય, અને તેને ગમે તેવું બોલતાં આવડતું હોય છતાં તેણે જબાન બંધ રાખતાં શીખવું જોઇએ. એ જો જબાન બંધ ન રાખે તો તેનુ કાર્ય નિષ્ફળ જવાનું છે. માત્ર બોલવાથી જ કશું કાર્ય થતું નથી. કામથીજ માણસે પોતાની શક્તિ પૂરવાર કરવાની છે. જો કાર્યકર્તા મૂંગો હશે તો પણ તેનું કાર્ય તેને પ્રકાશમાં લાવશે. એ બોલે કે ન બોલે છતાં તેનું કાર્ય તરતજ પોકારી ઉઠશે. પ્રસંગે કપ્રસંગે બોલી ઉઠનાર માણસની કશી કિંમત નથી. એવા માણસો કેટલી વાર નુકસાન પણ કરી બેસે છે. પ્રસંગ વિના બોલનાર માણસ તરફ કોઇ ઝાઝુ લક્ષ પણ નથી આપતું. વક્તાબાજી કરતાં રચનાત્મક કાર્ય કરનાર જ ખરો સેવક છે.

—વલ્લભભાઈ પટેલ
(એક ભાષણમાંથી)

<u>અભ્યાસ :</u>

૧ ખરો સેવક કોણ ?

૨ શા માટે લેખક જબાન બંધ રાખતાં શીખવવાનું કહે છે

૩ શોરબકોર કરનાર અનિચ્છનીય શા માટે ?

૪ તમે વલ્લભભાઇના વિચારો સાથે સહમત થાઓ છો શા માટે ?

( ૬ )

મને તો લાગે છે કે સ્ત્રીને ઘર અને કુટુંબ પરિવાર મધ્યેથી ઉઠીને બહાર આવવા, અને એ ઘરબારની રક્ષાને સારૂં ખાંધે બંદૂક ઉપાડવા હાકલ કરવી અગર લલચાવવી એમાં સ્ત્રી તેમજ પુરૂષ બેઉનું પતન રહેલું છે. એમાં પાછા વળીને જંગલીપણાના જમાનામાં પગલાં ભરવાપણું અને વિનાશની શરૂઆત રહેલાં છે. પુરૂષ જે ઘોડે ચડયો છે તે ઘોડે ચઢવા જતાં સ્ત્રી, પુરૂષને અને પોતાને બેઉને નીચે પછાડશે. આમ થશે તો તેનું પાપ પુરૂષને માથે રહેશે. કારણ કે પોતાના સાથીને તેને સારૂં કુદરતે કરી મૂકેલા ખાસ સ્વાભાવિક વ્યવસાયથી ચળાવીને પુરૂષને ચાળે ચડાવ્યા સારૂ તે જવાબદાર લેખાશે. ઘરને સુવ્યવસ્થિત રાખવું ચલાવવું એમાં એટલીજ વીરતા રહેલી છે જેટલી એ ઘરબારની બહારના હુમલાથી રક્ષા કરવામાં રહેલી છે

— મહાત્મા ગાંધીજી.

અભ્યાસ

૧ સ્ત્રીનું કર્તવ્યક્ષેત્ર કયું ?

૨ ગાંધીજી સ્ત્રી પુરૂષ બંનેનું પતન શેમાં લેખે છે? શા માટે?

૩ તમે શું ધારો છો, સ્ત્રીઓ પોતે ગાંધીજીના આ વિચાર સાથે સહમત થશે ? કારણ આપી શકશો ?

૪ યોગ્ય મથાળું સૂચવો.

( ૭ )

બધાં જોઇ રહ્યાં—આંખો ફાડીને બધાંનો શ્વાસ રૂંધાઇ રહ્યો. મુંજ શાન્તિથી આગળ ચાલતો—પાછળ તૈલપ ને થોડા સૈનિકો આવતા.

પેલા હાથી આગળ આવી મુંજ ઉભો રહ્યો ને તૈલપના હુકમથી સૈનિકોએ તેની બેડી કાઢી નાખી.

બેડીઓ છૂટી કે મુંજ ટટ્ટાર થઈ ઊભો રહ્યો; તેણે પોતાના કપાળ પર પડતા વાળ ઊંચા કર્યા અને વિશાળ ભાલથી ઓપતું મુખ લોકો તરફ ફેરવ્યું. તેની આંખમાં નીડરતા હતી. પૃથિવીની વલ્લભતા સૂચક તેજ હતું. તેના હોઠ ઉપર મીઠું ગૌરવભર્યું હાસ્ય હતું.

લોકોને કમકમાં આવ્યાં, કેટલાંક સ્ત્રી પુરુષ રડવા લાગ્યાં.

હાથીએ સૂંઢનું ભૂંગળું ઊંચું કર્યું, – નીચું કર્યું; અનેકવાર તેની વચ્ચે હસતા. પ્રભાવભરી આંખોવડે ગર્વ દર્શાવતો પૃથિવીવલ્લભ કાળીનાગ નાથતા શ્રી કૃષ્ણ સમો નિશ્ચલને સજલ આંખો અગાડી રમી રહ્યો. ગજેન્દ્રે ઝોક કર્યો ને એક ઝોક વધારે આપ્યો.

હાથીએ પગ મૂક્યો–ભાર દીધો–કચરાવવાનો અવાજ થયો ને પગ ઊંચકી લીધો.

—કનૈયાલાલ મુનશી
("પૃથિવીવલ્લભ" માંથી)

**અભ્યાસ**

૧ શ્રી.મુનશીએ અહીં કયા પ્રસંગનું આલેખન કર્યું છે ?
૨ લોકો આંખો ફાડી શા માટે જોઇ રહ્યા ?
૩ મૃત્યુ ભેટતાં મુંજના હૃદયનાં શી લાગણી થઇ હશે ?
૪ આ ફકરો વાંચી મુંજને વિશે તમે શો ખ્યાલ કરો છો ?
૫ યોગ્ય મથાળું સૂચવો.

[ ૮ ]

નર્મદ આજે એક કલાકને માટે ફરી જન્મે તો ગૂજરાતીઓ એની જયંતી ઉજવવી પડતી મૂકી એને પથરે પથરે મારે. એ તો ભૂતકાળનો આદમી થયો છે માટે મૂર્તિપૂજક પ્રજાને જરા મોહ લાગે છે, અને આજે પણ કોઇ નવો નર્મદ હોય તો નવા ગૂજરાતીઓ એને એજ રીતે ભૂખે મારવાના છે. ગૂજરાતીઓ પોતાનું ડહાપણ તજીને કોઈપણ સંસ્કારસ્વામીને ભૂખે માર્યા વિના એમ ને એમ જવા દેવાના નથી. ગૂજરાતે દયાનંદને દેશવટો ન દીધો ? – હાજી મહમમ્દને હણી ન નાખ્યો ? ગુજરાત એક અને અદ્વિતીય છે –ખાસ કરીને સંસ્કાર સ્વામીઓને હણવામાં. ગૂજરાતના સંસ્કાર સ્વામી થવું એ કાંઇ બચ્ચાના ખેલ નથી.

—ધૂમકેતુ ' 'રજકણ " માંથી.

અભ્યાસ

૧ નર્મદ ફરી જન્મે તો ગૂજરાત તેને કેવી રીતે આવકારે ?

૨ લેખક ગૂજરાત પર કયો આરોપ મૂકે છે ? શા માટે ?

૩ ગૂજરાતની વિશિષ્ટતા શેમાં રહેલી છે ?

૪ ગૂજરાતનો સસ્કાર સ્વામી કોણ થઇ શકે ?

[ ૯ ]

પરીક્ષાઓ વિદ્યાર્થીઓને અનર્થ માત્રનું મૂળ છે. વાઘના પાંજરામાં બકરાને મૂકો. એને ત્યાં વાઘથી ગમે તેટલું દૂર રાખો પણ વાઘને તે જોઇ શકે તેમ રાખો. પછી તેને ગમે તેટલું દૂર રાખો, પછી તેને ગમે તેટલું ખાવાનું આપો, ગમે તેટલું પંપાળો, છતાં તેની દશા શી થશે ?

તેવીજ દશા પરીક્ષારૂપી વાઘથી વિદ્યાર્થીઓની થાય છે. પરીક્ષા નથી વિદ્યાર્થીને લાભ કરતી ને નથી પ્રોફેસરોને.... શિક્ષણ પણ તેમને સ્વતંત્ર પદ્ધતિથી નહિ પણ પરીક્ષાની દૃષ્ટિએ કરવું પડે છે. તેથી તે હલકા પ્રકારનું થાય છે. એનાથી ગોખણપટ્ટીને ઉત્તેજન મળે છે. એનાથી શરીરની પાયમાલી થાય છે. એનાથી વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચે ઊતરતા ચડિયાતા ભેદ સ્થાપિત થાય છે; નાહક ઇર્ષ્યા ને કલહનું એ બીજ બને છે. વ્યક્તિત્વનો અથવા વ્યક્તિગત શક્તિનો એ અનાદર કરે છે. પરિણામ વખતે અનેક કુટુંબોમાં એ દુઃખ ઉત્પન્ન કરે છે સારાં, મનગમતાં વાચન તરફ વિદ્યાર્થીઓનું મન હોય, છતાં એને પરીક્ષાના ત્રાસને લીધે સંકુચિત-ક્ષેત્રમાં ધ્યાન આપવું પડે છે.

—પ્રો અતિસુખશંકર ત્રિવેદી

( મેં પૂછ્યું: 'શા માટે ?' માંથી )

અભ્યાસ

૧ પરીક્ષા વિદ્યાર્થીઓને અનર્થનું મૂળ કઇ રીતે ?

૨ લેખક પરીક્ષાનાં કયા કયા દૂષણો ગણાવે છે ?

૩ 'પરીક્ષાથી વિદ્યાર્થીની સ્થિતિ વાઘ આગળ ચરતી બકરી જેવી છે' — કઇ રીતે ?

૪ પરીક્ષા કાઢી નાખવી જોઇએ ? ટૂંકમાં કારણો આપો.

( ૧૦ )

અમે બ્રહ્મીજનો વિશ્વબંધુત્વના વ્યવહારૂ ઉપાસકો છીએ. અમે રુધિરના વૈવિધ્યમય મિશ્રણમાં માનીએ છીએ. ઉપરાંત અમારું સ્ત્રી-તેજ મુક્ત પ્રેમના પ્રદેશમાં વર્ગ, વર્ણ

કે જાતિની ઉચ્ચતા, નીચતા કે અમીરી ગરીબીની પાળોને ગાંઠશે નહિ.

બ્રહ્મી નારીઓએ પ્રેમના કરતાં કોઇ બીજી વાતને ઊંચું આસન આપ્યું નથી. કુળને કે કુળપરંપરાને, વર્ગને કે દરજ્જાને, માબાપની મરજી કે દબાણને, હીરા હેમ કે સંપત્તિને, મોલાતોને, કોઈ કરતાં કોઇને બરમી નારીએ પોતાનું જીવન નથી આપ્યું.

અમારી બ્રહ્મી સ્ત્રીઓની સ્ત્રી તરીકેની સ્વતંત્રતાની એજ ખૂબી છે. અમે પરણુતા પહેલાં ગમે તેને પસંદ કરીએ, માબાપ સામે બંડ કરી ઉભા રહીએ, પણ લગ્ન બાદ વાત જુદી બને છે. એ મારી આડે આવે તો હું એને પીંખી નાંખું, પણ તે સિવાય તો એનું મૂંગુ ને પૂરું પાલન કરવાનો જ અમારો સંસ્કાર છે.

—ઝવેરચંદ મેઘાણી
('પ્રભુ પધાર્યાં' માંથી)

<u>અભ્યાસ :</u>

૧ આ ગદ્યખંડક પરથી બ્રહ્મી સ્ત્રી જીવન વિશે તમે શો ખ્યાલ બાંધો છો ?

૨ બ્રહ્મીજનો વિશ્વબંધુત્વના વ્યવહારૂ ઉપાસક કેવી રીતે ?

૩ આપણી ગૂજરાતી સ્ત્રીઓ કરતાં બ્રહ્મીનારીનું જીવન કઇ રીતે જૂદું છે ?

૪ એ બંનેમાંથી તમને કોનું જીવન સારૂં લાગે છે ? કારણ આપો.

[ ૧૧ ]

વકીલના ધંધામાં રહેલી સ્વતંત્રતા પણ અદ્દભુત હોય છે. ખરા પક્ષ તરફથી પણ લડી શકાય છે અને ખોટા પક્ષ તરફથી પણ લડી શકાય છે ધોળે દિવસે ભર વસ્તીમાં ખૂન કરનાર ગુનેગારને પણ તે ગુનેગાર નથી એમ પ્રથમ કહેનાર વકીલ હોય છે. ચકલીને પણ ઉરાડતાં ડરે એવા બીકણ માણસને ચોર તરીકે સાબિત કરવા મથનાર પણ વકીલ જ હોય છે. સામાન્ય અક્કલવાળાને તો એમજ દેખાય છે કે વકીલ એ બેધારી તલવાર છે. જે બાજુએથી ધનનો ભાર વધી પડતો હોય તે બાજુ તરફથી જરા પણ હરકત વગર તે વાપરી શકાય છે.

વકીલાતના ધંધા સરખો સગવડ ભરેલો બીજો એક પણ ધંધો નથી. તેમાં અઢળક ધન મેળવી શકાય; ભૂખે મરવાનો તો તેમાં ભય હોતોજ નથી. વકીલનો ઉપરી કોઇ નહીં એટલે તાબેદારીની વિટંબણા તેને પડતી નથી. હારજીતને માટે જરા પણ શોક ન કરવો એ ગીતાજ્ઞાન જેવું વકીલો આચારમાં મૂકી શકે છે તેવું મહાતપસ્વીઓ પણ નહીં કરી શકતા હોય

—રમણલાલ દેસાઈ
( 'સ્નેહ–યજ્ઞ' માંથી )

<u>અભ્યાસ</u>

૧ વકીલના ધંધામાં રહેલી સ્વતંત્રતા અદ્દભૂત કઇ રીતે ?

૨ વકીલને બેધારી તલવાર શા માટે કહે છે ?

૩ વકીલને ભૂખમરાનો ભય કેમ ન હોય ?

૪ મહાતપસ્વીઓ કરતાં વકીલો કઇ રીતે ચઢીયાતા ?

[ ૧૨ ]

**સ્ત્રી ન હોય તો થઇ શું ગયું ? શું તમને ખાવા નથી મળતું ? પૈસા નથી મળતા ? શું નિરાધાર થઈ ગયા ? તમને શી ખોટ છે ? ઊલટું વિ–ધુર એટલે થોડા વખત ધુરા-ધોંસરી નીકળી ગઈ ! મને લાગે છે કે પુરુષને ધોંસરી ઉપાડવાની એટલી બધી ટેવ પડી ગઇ છે કે ધોંસરી વિના તેને અડવું લાગે છે.** હું એકવાર ગામડામાં મુસાફરી કરતો હતો ત્યારે સાથે એક મકરાણી અધમણની જામગ્રીવાળી દેશી બંદૂક લઇ સાથે આવતો હતો. મેં કહ્યું: " જમાદાર, બંદૂક ગાડામાં મૂકી દો કંઈ ભો જેવું નથી." જમાદાર કહે: " એ બોજસે ઠીક ચલા જાતા હૈ." પ્રેમાનંદ કહે છે તેમ ધણી–સુરભિસુત છે. તેને ધોંસરી વિના ખાલી ચાલવું ગમતું નથી.

સ્ત્રીનું પુરુષ ઉપર કેટલું પ્રભુત્વ છે ! બધા સ્ત્રી સ્વાતંત્ર્યની વાતો કરે છે. મને લાગે છે કે પુરુષ સ્વાતંત્ર્યનો પ્રશ્ન વધારે વિકટ બનતો જાય છે.

—શ્રી. રામનારાયણ પાઠક
[ ' જક્ષણી ' માંથી ]

**અભ્યાસ**

૧ સ્ત્રી વગર પુરુષની સ્થિતિ કેવી હોય ? લેખક કેવી માને છે ?
૨ ધણી ' સુરભીસુત ' કેવી રીતે ?
૩ લેખક શા માટે સ્ત્રી–સ્વાતંત્ર્ય કરતાં પુરુષ સ્વાતંત્ર્યનો પ્રશ્ન વધુ વિકટ માને છે ?
૪ લેખક પોતાની દલીલો કેવા ભાવથી કરે છે ?

( ૧૩ )

પણ હવે હું એ પરમેશ્વરની પ્રાર્થના કરવાનો નથી. હજારો વર્ષોથી મેં એને વિનંતિઓ કીધી, અરજીઓ કરી, ખોળા પાથર્યા પણ એણે મારો વારો ન આણ્યો તે ન જ આણ્યો. મારી શક્તિઓ અગાધ છે.... મેં એક માંગી માગી માગીને માગ્યું. સાહિત્યક્ષેત્રના અધિષ્ઠાતા થવાનું, અને તે એ પૃથ્વીના એક નાનકડા ખૂણા ભરતખંડમાં જ. એથી એ નાનું ગુજરાત ક્ષેત્ર મળતે તોએ હું સંતોષ માનતે; પણ એ પરમેશ્વર જેનું નામ તેણે મને છેવટ સુધી રખડાવ્યો; ને જ્યારે જનમાવ્યો ત્યારે એટલા બધા જણ પાકેલા હતા ને એટલું બધું નવું, નવીજ રીતે ને નવાઈથી કહેવાઇ ગયું હતું કે મારે ભાગે કંઇ બાકી રહે જ નહિ. હું એક વિચાર કરું તે પહેલાં તો કોઈ છીંકીજ પડે જ. ને કોણ જાણે ક્યાંથી હું કહેવાનો હોઉં તેજ પહેલેથી કરી દે....

અરે ભલા પરમેશ્વર ! મને બધીજ વખત તેં મોડો જન્માવ્યો, હત્તારી !

—લીલાવતી મુનશી

( 'હું મોડો કેમ જન્મ્યો ?' માંથી

<u>અભ્યાસ :</u>

૧ લેખકની પરમેશ્વર સામે શી ફરિયાદ છે ?
૨ લેખકની શી ઇચ્છા હતી ?
૩ એ ઇચ્છા કેવી રીતે પૂરી નથી થતી ?
૪ આ ફકરાનો મુખ્ય ભાવ કયો લાગે છે ?
૫ મથાળું કયું હોઇ શકે ?

# અમે અબળા ???

"यत्र नार्यस्तु पूज्यन्ते" .... કથંતો,
"તું આદ્યશક્તિ! જનેતા!" રટન્તો;
"અબલા તમો" તેજ અન્તે વદન્તો,
શું માનવી અમ નથી હ્રાસ કરતો?

લખ્યું: "પારણું હસ્ત જે છે ઝુલાવે,
ખરે, જગ પરે તેજ શાસન જમાવે"
અમોને ગુલામીતણી હા! બેડીએ,
જકડી 'કહે બુદ્ધિ તવ છે પા'નીએ'?

કૈં પ્રેરણા પ્રકૃતિથી જ પામી
દૃષ્ટિ કવિ રાખતો ઊર્ધ્વગામી.
તે અમ વિશે બહુ કહ્યો; ના, લખ્યો કૈં,
"અબલા તમો" તે છતાં ના ભૂલ્યો કૈં

ભલે ને કવો કે લવો; શબ્દ જાળે
હવે નહિ શકો છેતરી કોઇ કાળે;
અમે માંડશું જંગ સમતંત્ર કાજે,
નહિ તો રચી રાચશું અન્ય રાજે.

—ત્રિલોક દેસાઈ.

અભ્યાસ :

૧ પુરુષો સ્ત્રીઓ માટે કયા મીઠા શબ્દો વાપરે છે?
૨ એ શબ્દોથી સ્ત્રીઓને મશ્કરી થતી શા માટે લાગે છે?
૩ સ્ત્રીઓ પરના કાવ્યોમાં સ્ત્રીઓને નર્યો લવારો શામાટે લાગે છે?
૪ સ્ત્રીઓ પુરુષોને કેવા રીતે પડકારે છે? કવિ શ્રી. દેસાઇની
સ્ત્રીઓ પ્રત્યે કેવા પ્રકારની લાગણી લાગે છે?

# નિબંધલેખન—

આજે નિબંધલેખન વિદ્યાર્થીઓને કંટાળો આપતો અને મૂંઝવતો વિષય થઇ પડયો છે. શિક્ષકની ખામી ભરેલી શિક્ષણપદ્ધતિ, અને વિદ્યાર્થીઓના અનુભવ અને જ્ઞાનના વર્તુળ બહારના વિષયોની પસંદગી નિબંધલેખનનું કામ અતિ કઠિન બનાવી દે છે. વિચારોનું દારિદ્રય, આત્મવિશ્વાસ અને યોગ્ય દોરવણીની ઊણપ, અનુભવ, વાચન, અને મનનના છીછરાપણાને લીધે વિદ્યાર્થીઓના નિબંધ લુખ્ખા, કંગાળ અને નિષ્ફળ નીવડે છે.

## સૂચનાઓ

૧. નિબંધ લેખનની શરૂઆત કરતાં પહેલાં જે વિષય પર નિબંધ લખવાનો છે તેના પર પાંચ સાત મિનિટ સુધી શાંત ચિત્તે વિચાર કરો. વિષયના સ્પષ્ટ ખ્યાલ સિવાય લખવાની શરૂઆત કરવાથી પરિણામ કદી સારું આવતું નથી. સ્પષ્ટ લખાણ માટે સ્પષ્ટ વિચાર કરવાની ટેવની જરૂર છે. મિ. કૉબેટ કહે છે: “ જો તમે વસ્તુ બરાબર સમજી શકશો તો વિચારોની તંગી તમને નહિ સાલે, અને વિચારો તરતજ શબ્દાકાર પામી જશે.”

૨. વિષય પર થોડો વખત વિચાર કર્યા પછી એકદમ નિબંધ લખવાની શરૂઆત કરવી નહિ. મનમાં જેમ જેમ વિચારો આવતા જાય તેમ તેમ નિબંધ લખવાની પદ્ધતિ શાસ્ત્રીય નથી. વિચાર કરતાં વિષયને લગતા તમારા મનમાં

જે વિચારો, દૃષ્ટાંતો, હકીકત, કવિની પંક્તિઓ, લેખકોનાં વાકયો વગેરે સ્ફૂરે તેની નોંધ કરતા જાઓ. તે વખતે એ વિચારો નિબંધના વિષયને સુસંગત છે કે નહિ તેનો ખ્યાલ કરો નહિ. જ્યારે તમને લાગે કે નિબંધ લખવા માટે પૂરતી વિચારસામગ્રી એકઠી થઇ છે, ત્યારપછી જ નોંધ કરેલા વિચારોમાંથી યોગ્ય વિચારો, ઉદાહરણો વગેરેની પસંદગી કરવા માંડો. અસંગત લાગતાં વાકયો છેકી નાખો. વિચારોની પુનરુક્તિ જણાય તો તે દૂર કરો. હવે મુખ્ય મુદ્દાઓને મથાળાં આપી તેની નીચે વિચારોને ક્રમમાં ગોઠવવા માંડો. આમ નિબંધ લખવાની શરૂઆત કરતાં પહેલાં તેના વસ્તુની આછી રૂપરેખા તૈયાર કરો. વસ્તુની પસંદગી, વર્ગીકરણ, તુલના, ને નિર્ણયમાં ધ્યાન પરોવો.

૩. વસ્તુની કંગાલિયત વિદ્યાર્થીઓના નિબંધોનું ધ્યાન ખેંચે એવું લક્ષણ છે. વિચારોની સમૃદ્ધિ નીચેની રીતે સાધી શકાય:—

**૧. વાચન :** બેકન કહે છે: "બહોળું વાચન મનુષ્યને સંપૂર્ણ બનાવે છે." વાચન વિચાર શક્તિ પોષે છે, અને જ્ઞાનની અભિવૃદ્ધિ કરે છે. ઉપર ઉપરથી વાંચી જવાની ટેવ અનિચ્છનીય છે. જેટલું વાંચો તેટલું વિચારો, અને થોડી નોંધ પણ રાખો.

**૨. નિરીક્ષણ :** બધું જ્ઞાન પુસ્તકોમાંથી જ નથી મળી શકતું. આસપાસના જીવનમાંથી ઘણું જાણવાનું મળે છે. માટે હમેશાં આંખ અને કાન ખુલ્લા રાખો, અને

અનુભવને શિક્ષક બનાવો.

**૩.** વાતચીત અને ચર્ચાદ્વારા પણ જ્ઞાન મેળવી શકાય.

**૪. મનન :** માનસિક આળસ એ વિદ્યાર્થીઓનો વ્યાપક અને ભયંકર ચેપી રોગ છે રોજ આપણે ભૂખમરાથી મરતાં હજારો માણસોના સમાચાર સાંભળીએ છીએ, પણ ભાગ્યેજ તેનાં કારણો અને તેને દૂર કરવાના ઉપાયોનો વિચાર કરીએ છીએ.

૪. નિબંધની વસ્તુ ભેગી કર્યા પછી તેને પદ્ધતિસર ક્રમમાં ગોઠવવી જોઇએ. વિચારોની ગૂંથણી, યથાક્રમ ગોઠવણી, સમતોલપણું, સુસંગતિ, સપ્રમાણતા સચવાવા જોઇએ નિબંધના સાધારણ રીતે મુખ્ય ત્રણ વિભાગ પાડી શકાય: ૧ આરંભ, ૨ ચર્ચા, ૩ ઉપસંહાર.

**આરંભ** : નિબંધની શરૂઆત આકર્ષક, રસમય અને સચોટ હોવી જોઇએ. નીચેની રીતે નિબંધનો આરંભ કરી શકાય —

૧. ગાંધીજી જેવા કોઇ વિચારક કે મુનશી કે ધૂમકેતુ જેવા સાહિત્યકારના, વિષયને અનુરૂપ વિચારો ટાંકીને

૨. દંતકથા કે ઉદાહરણથી.

૩. ટૂંકાં, માર્મિક, અર્થભર્યાં ઉચિત વાક્યો વડે.

૪. વિષયની વ્યાખ્યા કે સમજૂતીથી.

૫. બીજા પરંતુ સુસંગત વિષયની સામાન્ય ચર્ચા વડે

૬. પરિચિત પ્રસંગ વડે

**ચર્ચા :** આ નિબંધનો મુખ્ય વિભાગ છે. દરેક મુદ્દા ઉપર એકેક પેરેગ્રાફ લખો. દરેક પેરેગ્રાફમાં એકજ મુદ્દાની ચર્ચા કે સ્પષ્ટીકરણ હોવું જોઈએ. વાકયો પણ સુસંગત, અર્થવાહી અને ટૂંકાં હોવાં જોઈએ. દરેક પેરેગ્રાફ વચ્ચે પણ સુમેળ હોવો જોઇએ. પેરેગ્રાફોમાં લબાઈનું પ્રમાણ સચવાવું જોઇએ.

**ઉપસંહાર :** આરંભ જેટલોજ અગત્યનો આ વિભાગ છે. આબા નિબંધની સફળતાનો આધાર અહીં છે માટે તેને પણ આકર્ષક, રસમય અને અસરકારક બનાવવા પ્રયત્ન કરો.

૧ નિબંધમાં વ્યક્ત કરેલા વિચારો ટૂંકમાં રજૂ કરવાથી સારો અને રસમય ઉપસંહાર થતો નથી.

૨ સારો વક્તા ભાષણ પૂરું કરતાં પ્રેક્ષકોની લાગણીઓ ઊંચે ચડાવે છે; શબ્દોની ઝમક અને જોશ વડે લોકોમાં નવી શક્તિ, ઉત્સાહ કે પ્રેરણા રેડે છે. નિબંધનો અંત પણ આવો જ હોવો જોઈએ. ઉત્તમ વિચારો પ્રભાવયુક્ત શૈલીમાં રજૂ થવા જોઇએ.

૩ ટૂંકાં, અર્થઘન, માર્મિક વાકયોથી વિદ્યાર્થી પોતાનું સ્વતંત્ર મંતવ્ય દર્શાવીને પણ નિબંધ પૂરો કરી શકે. સ્વાભાવિક સમજી શકાય એવા વિનોદ સાથે પણ ઉપસંહાર કરી શકાય.

**૫.** નિબંધના ઉપર જણાવેલા ત્રણ વિભાગોમાં પ્રમાણ સચવાવું જોઇએ. ૩૫ લીટીના નિબંધમાં ૧૫ લીટી આરંભ

અને ૧૦ લીટી ઉપસંહારમાં લખી નાખવી એ નરી મૂર્ખામી ગણાય. ચર્ચાનો વિભાગ મુખ્ય છે, માટે તેનેજ વિસ્તૃત સ્થાન મળવું જોઈએ.

૬. નિબંધમાં લખનારના પોતાના સ્વતંત્ર વિચારો, રજૂ થવા જોઇએ. વ્યક્તિગત, સ્વતંત્ર વિચારો, અભિપ્રાય, અને ઊર્મિ વગરનો નિબંધ હમેશાં અરસિક અને નિષ્ફળ નીવડે છે. મિ. બ્રોક કહે છે: "મંતવ્યો હંમેશાં તમારાં હોવાં જોઈએ; તમારી ભાષામાં રજૂ થવાં જોઇએ; દલીલો પાછળ તમારા અનુભવોનું પીઠબળ હોવું જોઈએ; દૃષ્ટાંતો તમારા જીવનમાંથી ઉપાડેલાં હોવાં જોઇએ, અને ચર્ચા પાછળનું દૃષ્ટિબિંદુ તમારું પોતાનું હોવું જોઇએ-" મિ. હડસનના મત પ્રમાણે વ્યક્તિત્વની છાપ વગરનો નિબંધ અધૂરો ગણાય-

૭. પત્રલેખનમાં વાર્તાલાપની શૈલી ઉત્તમ ગણાય, પરંતુ નિબંધની ભાષા સાહિત્યમય અને પ્રભાવયુક્ત હોવી જોઇએ. ગ્રામ્ય ભાષા, ઘરગથ્થુ શબ્દો અને મનસ્વી વાક્યરચનાને સારા નિબંધમાં સ્થાન નથી. એનો અર્થ એમ નથી થતો કે સંસ્કૃતમય ભાષા વાપરી વિદ્વત્તાનો ડોળ કરવો. ઉત્તમ નિબંધની ભાષા સરળ, પ્રવાહી અને વિષયને સુમેળ સાધતી હોવી જોઈએ.

૮. અક્ષરો પણ સહેલાઈથી વાંચી શકાય એવા મોટા, મરોડદાર, સરખા કદના, વાંકાચુકા લખી સુશોભિત બનાવવાના

કૃત્રિમ પ્રયત્ન કર્યા સિવાયના, સ્વાભાવિક હોવા જોઈએ. શબ્દો છૂટા લખવા જોઈએ.

**૯.** વિરામ ચિહ્નોનો અને જોડણીનો દોષ નિબંધો-માં વાક્યે વાક્યે માલૂમ પડે છે. ગૂજરાતી ભાષામાં પૂર્ણ વિરામના ચિહ્ન ઉપરાંત અલ્પવિરામ, અર્ધવિરામ વગેરે ચિહ્નો છે તેનો વિદ્યાર્થીઓએ સ્વીકાર કરવો જોઈએ. જોડણીની શુદ્ધિ માટે આંખ કેળવવાની જરૂર છે. હવે કોઇ પણ વિદ્યાર્થી ગૂજરાત વિદ્યાપીઠના 'ખિસ્સા કોશ' વગરનો હોવો જોઈએ નહિ. ગાંધીજી કહે છે: "હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી."

**૧૦.** સારા નિબંધ મહાવરા વગર સંભવિત નથી. અંગ્રેજી કવિ પોપ કહે છે તેમ લેખનની સરળતા અને સચોટતા મહાવરાથી આવે. સારા લેખકોના નમૂના હમેશાં દૃષ્ટિ સમક્ષ રાખવા, અને શરૂઆતમાં તેનું અનુકરણ કરવું. ભાષા પર કાબુ અને વિચારોની સમૃદ્ધિ કેળવાતાં નિબંધ લખવામાં સ્વતંત્ર વ્યક્તિગત ઢબ આવી જશે.

**સમાપ્ત.**

અમૃત વિજય પ્રિ. પ્રેસમાં સંઘવી વાડીલાલ કાકુભાઇએ છાપ્યું.
ઠે. માણેકચોક, ઘાંચીની પોળ પાસે-અમદાવાદ.

## આગામી પ્રકાશનો :

### ધનવંત એમ. દેસાઇ

૧ માર્ગ ભૂલેલાં (દસ નવલિકા સંગ્રહ)
૨ હેડ માસ્તર (પાંચ નાટિકા સંગ્રહ)
૩ ગૂજરાતીનું શિક્ષણ (બી.ટી. પરીક્ષાના પ્રશ્નોત્તર)
૪ શિક્ષણ પાઠોને લગતી વ્યવહારિક સૂચનાઓ

### ત્રિલોકચંદ્ર અ. દેસાઇ :

૧ યહાં (હિન્દી નાટક)
૨ ધરતીમાતા (એકાંકી નાટિકા)
૩ દીવડા (ઊર્મિ ગીતો)
૪ ભૂલકાં (ક્રિયાત્મક બાલગીતો)
૫ વાદળીઓ (નૃત્યગીતો)

### મદન આઇ. મામલતદારના બી.એસ.સી., બી.ટી.
### ધનવંત એમ. દેસાઇ બી.એ., બી.ટી.

૧ માનસશાસ્ત્ર અને શિક્ષણ (પ્રશ્નોત્તર રૂપમાં)
૨ મારી લેખન પોથી (પ્રાથમિક શાળાના નીચલા વર્ગો માટે)

### જયન્તિલાલ દવે આયુર્વેદભિષક
### હિંમતલાલ ચુ. દવે આયુર્વેદભિષક

૧ પોયણીનાં પુષ્પો (બાલકાવ્યો)
૨ રાસ ભારતી (રાસ-ગરબા સંગ્રહ)
૩ જીવન મંદિરમાં આરોગ્ય
૪ ત્યાગનાં તેજ

### રતિલાલ રા૦ અધ્વર્યુ

હિંદુસ્તાની શીખતાં પહેલાં (નાગરી લિપિ પરિચય)
ઇંગ્લિશ પ્રવેશ પોથીઓ (નવી રીતે સુધારેલી)